Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ટ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. આશ્વિન. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૭ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ વૈરાગ્યશતક ( સમશ્લોકી ) ... ... ... ... ... ૧૯૭
૨ પ્રીતિ વિષે દોહા ( સાર્થ ). ... ... ... ... ... ૨૦૦
૩ નવપદ નમસ્કાર સ્તુતિ-વ્યાખ્યા... ... ... ... ... ૨૦૧
૪ નવપદ આરાધન ઉપદેશ. ... ... ... ... ... ૨૦૨
૫ તપનો પ્રભાવ તથા તપ કરવાની આવશ્યકતા... ... ... ... ૨૦૫
૬ સુશીલ થવા સાર શિક્ષા વચનો... ... ... ... ... ૨૦૭
૭ સમ્યક્ત્વના વિષયપર વિક્રમની કથા. ... ... ... ... ૨૧૦
૮ ચાલુ પરિસ્થિતિપર પ્રકીર્ણ વિચારો ... ... ... ... ૧૧૯
૯ શેઠ આણંદજી કલ્યાણજીના ઓડીટરનો રીપોર્ટ. ... ... ... ૨૨૬

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગરમાં મહોત્સવ.

અમારા સભાસદ **ઝવેરભાઈ ભાઈચંદ** ગયા વર્ષના શ્રાવણ વદી ૮ મે સ્વર્ગ પામેલા હોવાથી તેમના સુપુત્ર **ફતેચંદે** તેમની પાછળ તેમણે ઉપાર્જન કરેલા દ્રવ્યનો સદુપયોગ કરવા માટે તેમજ પુત્ર તરીકેની પોતાની ફરજ બજાવવા ઉપરાંત પરમાત્મભક્તિને પણ પ્રદર્શિત કરવા માટે ગયા શ્રાવણ માસની વદ ૩ થી મોટા દેરાસરજીના મહોત્સવમંડપની અંદર અઠ્ઠાઈમહોત્સવ શરૂ કર્યો હતો. પાલીતાણાની ટોળીવાળાઓને ખાસ બોલાવેલા હોવાથી પૂજા ભણાવવામાં બહુ આનંદ આવ્યો હતો. તે ટોળીવાળાઓએ પણ નંદીશ્વર દ્વીપની પૂજાને દિવસે નંદીશ્વર દ્વીપમાં રહેલા (૫૨) જિનાલયોનું મંડળ બહુ આકર્ષક પૂર્યું હતું. દર્શન કરવા આવનારાઓના ચિત્તને તે આનંદ આપનારૂં થઈ પડવાથી ચાર પાંચ દિવસ સુધી રાખી મુકવામાં આવ્યું હતું. દરરોજ જુદી જુદી પૂજાઓ ભણાવવામાં આવતી હતી અને નાનું મોટું સ્વામીવચ્છલ પણ દરરોજ કરવામાં આવતું હતું. ચોથાવ્રતવાળા, સામાયિક કરનારા, વિદ્યાશાળાના વિદ્યાર્થીઓ, સભાના સભાસદો ઇત્યાદિને પૃથક્ પૃથક્ આમંત્રવામાં આવ્યા હતા. છેલ્લે દિવસે (શ્રાવણ વદિ ૧૦ મે) પર્યુષણનો આગાઉનો દિવસ હોવાથી એવડો લાભ લેવા માટે નવકારશી કરવામાં આવી હતી. તેની અંદર યશ પણ સારો મળ્યો હતો. એકંદર દ્રવ્યનો વ્યય ઉદાર દિલથી કરવામાં આવેલો હોવાથી ઝવેરભાઈ જેવા સુજ્ઞ અને વિવેકી પુરૂષની પાછળ થવું જોઈએ તેવું શુભ કાર્ય થયું હતું. જો કે ઝવેરભાઈની ખામી એકાએક પુરાવી મુશ્કેલ છે તો પણ તેમના પુત્ર ફતેચંદ તેમને પગલે ચાલતા હોવાથી આગળ ઉપર તેઓ સારો ભાગ આપશે અને લેશે એમ જણાવા લાગ્યું છે.

આ શુભ પ્રસંગને લઈને ઝવેરભાઈનું નામ કાયમ સ્મરણમાં રહેવા માટે તેમના પુત્ર ફતેચંદે **બાર વ્રતની પૂજા** અર્થ સહિત છપાવીને બહાર પાડી છે અને તે વગર મૂલ્યે જૈન સમુદાયમાં વેંચવામાં આવી છે. એ કાર્ય અનુકરણ કરવા યોગ્ય કર્યું છે. કારણકે એથી ત્રણ કાર્ય સિદ્ધ થયા છે. પોતાના પિતાશ્રીનું નામ જળવાયું છે, પોતાની શક્તિ બહાર આવી છે અને વાંચનારાઓને અપૂર્વ લાભ મળી શકયો છે. પોતાના વડીલની જે વિષય પર પ્રીતિ હોય તેને અનુસરવું એ સુપુત્રોની ફરજ છે.

## જીર્ણોદ્ધારમાં કરવા યોગ્ય મદદ.

સાઠંબા તાબે મહીકાંઠામાં પ્રથમનું દેરાસર બહુ જીર્ણ થઈ જવાથી નવેસરથી દેરાસર કરવા માંડ્યું છે. શીલક ન રહેવાથી કામ બંધ કરી શા. મગનલાલ નાથજી વિગેરે ટીપ કરવા નીકળ્યા છે. એ ગામમાં શ્રાવકના ઓસવાળ જ્ઞાતિના સુમારે ૫૦ ઘર છે. સાઠંબાથી કપડવંજ શહેર ૧૨ ગાઉ હોવાથી ત્યાંના શેઠ જમનાદાસ કરમચંદ ને ગાંધી છગનલાલ મોતીચંદ જાણે છે. દેરાસર તેમની દેખરેખ નીચે થાય છે. મદદ કરવા લાયક છે. દ્રવ્યનો સદુપયોગ થવામાં શંકા રાખવા કારણ નથી.

ગત અંકમાં જણાવ્યા પ્રમાણે ઇડરગઢ ઉપરના દેરાસર માટે ટીપ કરવા ત્યાંના ગૃહસ્થો મુંબઈ ગયા છે ને ટીપ શરૂ થઈ છે. ઉદાર ગૃહસ્થો સારી મદદ આપશે એવો સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. આશ્વિન. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૭ મો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

श्री पद्मानंद कवि विरचित

## वैराग्य शतक.

### समश्लोकी.

( લેખક માવજી દામજી શાહ. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૬૩ થી )

જ્યાંસૂધી રસત્યાગસારૂ ન જિત્યું આહારનું લૌલ્ય શું,
સિદ્ધાંતાર્થ મહૌષધી તણું હૃદે એ ચૂર્ણ રે ! ના જર્યું;
પીધું જ્ઞાન લઘુ ન પાણી વિધિથી ત્યાંસૂધી કામાર્તિ તે,
શાંતિ તાત્ત્વિક પામશે નહિ હવે સર્યું બીજા ઐાષધે. ૧૬

For Private And Personal Use Only

શૃંગાર દ્રુમ નીર ને પ્રસરતાં ક્રીડા તરંગો અરે,
પ્રદ્યુમ્ન પ્રિય બંધુરૂપ, મધુરાં વેણો તણા સાગરે;
સ્ત્રીનાં નેત્ર ચકોર ચંદ્ર સરખે સૌભાગ્ય લક્ષ્મી ભર્યે,
રે ! તે ધન્ય નહિ વિકાર જરીએ પામ્યો છતે યૌવને. ૧૭

---

જોયો પૂર્ણપણે ત્યાગી–કામિની ! ગજગામિની !
વીર ! એ કામ શું ત્હેને–કોપે તોય કરી શકે ? ૧૮

---

લજ્જા એ થઇ જાય નષ્ટ ઝટ ને ભાંગેજ બ્રહ્મવ્રત,
થોડું જ્ઞાન રહે હું કામવશથી જ્યારે પ્રિયા દેખુંજ;
જ્યારે આવતી રે ! સ્મૃતિ નરકની, વિપાકના તત્ત્વને,
ત્યારે તત્ત્વથી રે ! દીસે પ્રિયતમા એ વિષ જેવી મ્હને. ૧૯

---

કારૂણ્ય ગુણથી વધ વ્યસનિતા, સત્યે કરી કુવચનો,
સંતોષે પરવિત્તચૌર્યપટુતા, શીલે કરી રાગ તો;
નૈગ્રંથ્યે કરીને પરિગ્રહલતા, જે યૌવને છેદ્યું તો,
તેઓથી પૃથિવી પવિત્ર સઘળી માનું અરે ! સજ્જનો ! ૨૦

---

જ્યારે પદ્મ વિવિધ મંજરી થકી, સંપૂર્ણ ખીલ્યું અહો !
ત્યારે ચૈત્રવિષે વિલાસિનીતણું આહ્લૈત જોઇ સુખે;
જેનું તત્ત્વવિચારમાં મન રમ્યું, સર્વ પ્રકારે અહો !
ત્યારે કામવડે મથિત ન થયું રે ! ધન્ય તે સજ્જનો ! ૨૧

---

સ્વાધ્યાયરૂપ ગીત સુંદર અને સંતોષ પુષ્પો વિષે,
સમ્યગ્ જ્ઞાનવિલાસ મંડપતળે સદ્ધ્યાન શય્યા વિષે;
તત્ત્વાર્થ પ્રતિબોધ દીપક બળે, શાંતિ પ્રિયા સંગી જે,
મુક્તિનાં સુખમાં રસિક મનનાં રાત્રિ પસારે અરે ! ૨૨

---

હે લોલાક્ષિ ! કટાક્ષથી વિંધિને એ કામદેવવડે,
શું સર્વાંગ શતાવલાથી બાંધવા ચૈત્યો ચક્રાંકડે;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું તું વ્યર્થ પ્રયત્નને કરી કરી કષ્ટો સહે રે ! પણ,
શુદ્ધ ધ્યાનરૂપી રસાયન વિષે છે લીન મ્હારૂં મન. ૨૩

સદ્જ્ઞાન મૂળવાળું—દર્શન શાખાનું વૃત્તરૂપી તરૂ;
શ્રદ્ધાજળથી સિંચે, મુક્તિ ફળ આપશે ત્હેને. ૨૪

ક્રોધાદિક કષાયરૂપ પગ છે, ને મોહ એ હાથ રે !
રાગદ્વેષજ તીક્ષ્ણ દીર્ઘ દશન, દુર્વાર મારે અરે !
એ મિથ્યાત્વજ દુષ્ટ હસ્તી વશ છે, સદ્જ્ઞાન અંકુશથી,
આ ત્રણે ભુવનો ખરે વશ કર્યાં તેણે ખરા સત્ત્વથી. ૨૫

રે ! દેખાય કળાથકી કુશળ એ બહુએ જનો ! કીર્ત્તિને,
ક્ષુદ્રોની પણ પ્રાર્થનાથી તૃણવત્ સર્વસ્વ આપે અરે !
સ્વામીને ઝટ પ્રાણદાન દઇ દે, એવા ધીરો એ ઘણાં,
જેનું સુહૃદ વૈરિમાં મન સમું બે ત્રણ એવા જણા. ૨૬

જેનું ચિત્ત દયાવાળું, સત્યભૂષિત બોલવું;
કાર્ય પરોપકારાર્થે, શું કરે કલિ તેહને. ૨૭

જૂઠું ન બોલવું જેને, નાસવું ન રણાંગણે;
નથી, એવું ન, કે' જેથી તેથી રત્નવતી ક્ષિતિ. ૨૮

કોને કામકથા ન થાય રસિકા? કોને પ્રિયા ન પ્રિયા ?
કોને લક્ષ્મી ન વ્હાલી હોય? મનમાં કોના રમે પુત્ર ના ?
કોને તાંબુલ સુખ દે નહિ ? ગમે કોને શીતોદક્ નહિ ?
સર્વાશારૂપ વૃક્ષ છેદ પરશુ એ મૃત્યુ ! આવ્યું નહિ. ૨૯

મ્હારી આ પ્રિયવલ્લભા, પ્રિયતમ, આ પુત્ર મ્હારો અને,
આ ભંડાર સુવર્ણથી ભરપુર, મ્હારોજ આ બંધુ રે !
આ મ્હારો રમણીય વાસ, સઘળો વિંટેલ માયાથી એ !
પાસે આવતું મૃત્યુને નહિ જુએ ! નિર્ભાગ્ય એ માનવો. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રીતિ વિષે દોહા ( સાર્થ )

# अविहड प्रीति–भक्ति केवी होय?

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

પ્રીતિ રીતિ કચ્છુ ઔર હૈ, જાણે જાણણહાર;
ગુંગે ગુડ ખાયા તેનો, સ્વાદ કહે શું બાર?

અર્થ—ખરી અંતરંગ પ્રીતિ ( પ્રેમ–ભક્તિ ) ની ખુબી કંઇ વિલક્ષણ જ છે. એ તો જે જાણતા હોય તેજ જાણે. એટલે એવી અદ્ભુત પ્રીતિ–ભક્તિ જેના હૃદયમાં જાગૃત થયેલી છે, જેને તેનું અપૂર્વ આસ્વાદન મળ્યું છે અને તેથી જેનામાં નવું ચૈતન્ય રેડાયું છે, એ વિગેરે ચિન્હોવડે તેવી પ્રેમ–ભક્તિની ખરી ખૂબી જેના જાણવામાં–કળવામાં આવી હોય છે તેજ તેને પિછાની શકે છે. કોઈ મૂંગે માણસે ગોળ ખાધો હોય–તેનો રસાસ્વાદ લીધો હોય તે તેનું સ્વરૂપ બીજાને પોતાની શકિત ઉપરાંત હોવાથી શી રીતે સમજાવી શકે?

પ્રીત મેહ અરૂ મોરડી, આવત હૈ અતિ માન;
પુકારિકે જગમેં કહત, આવત મેહ મહાન. ૨.

અર્થ–મેઘ અને મોરડીને જેવી પ્રીત લાગેલી છે, તેવી પ્રીત અકૃત્રિમ હોવી જોઇએ. જ્યારે મેઘ આવે છે–આવવાની તૈયારીમાં હોય છે ત્યારે તે કેકારવ કરી મૂકીને લોકોને જણાવે છે કે અમારા પ્રાણાધાર, અતિ વ્હાલા અને ઉપગારી મહાન્ મિત્ર–મેઘરાજ પધારે છે. ૨

મેહુ પિછાનત મોર નહીં, મોર કરી તસ પ્રીત;
પૂર્વ જન્મકે કર્મથેં, હોત પ્રીત ઇસ રીત. ૩.

અર્થ–જો કે મેઘરજ મોરને કંઇ ઓળખતા પાળખતા નથી તેમ તેને મોરની તમા (દરકાર) પણ નથી તો પણ જેમ મોર મેઘના મંગળકારી ગુણોની પિછાન કરી તેનું આવાગમન હૃદયના ઉમળકાથી વધાવી લે છે અને મુકતકંઠથી તેના નામોત્કીર્તનપૂર્વક ગુણ ગાય છે; યાવત્ મેઘને દેખી દેખી જેમ તે નાચે માચે છે તેમ પૂર્વોપાર્જિત કર્મના સંબંધથી એવા પ્રકારની ગાઢી પ્રીતિ બંધાય છે કે જે અંતરની હોવાથી અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં પણ કાયમ બની રહે છે, અને પરિણામે સ્વપર ઉભયને અનેક જાતના ઉત્તમ લાભ સમર્પે છે.

પ્રીત પ્રીત સબ જન કહે, જુદી પ્રીતકી રીતિ;
લોહ ચમક જડ દોઉ પૈં, દેખત ચલત સુનીતિ. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**–પ્રીત પ્રીત સહુ કોઈ મુખથી પોકારે છે, પણ પ્રીતની રીત કંઇ વિલક્ષણ જ છે. જૂઓ! લોહ (લોઢું) અને ચમક ઉપલ (લોહચુંબક પાષાણ) એ બંને જડ પદાર્થ છતાં એક બીજા તરફ કેટલું બધું આકર્ષણ ધરાવે છે? ખરી પ્રીતિ–ભક્તિ એવી આકર્ષણ અને દંભવગરની હોવાથી બહુ લાભપ્રદ થાય છે.

ઇતિશમ્.

# नव पद पूजा अंतर्गत

## નવપદ નમસ્કાર સ્તુતિ–વ્યાખ્યા.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

૧ જેમનામાં ઉત્પન્ન થયેલા ઉત્તમ–કેવળ જ્ઞાનની જ્યોતિ ઝળહળી રહી છે, અશોક વૃક્ષાદિક પ્રાતિહાર્યયુક્ત સિંહાસન ઉપર જેઓ વિરાજમાન થઇ રહ્યા છે, અને અમૃત સમાન ઉત્તમ દેશનાવડે જેમણે સજ્જનોને આનંદિત કર્યા છે તે **જિનેશ્વર દેવોને** સદાય અમારો વારંવાર નમસ્કાર હો!

૨ સહજાનંદવાળા સિદ્ધિસ્થાનમાં જેમણે સ્થિતિ કરેલી છે, જેઓ અનંત ( જ્ઞાન, દર્શન, ચારિત્ર અને શક્તિરૂપ ) ચતુષ્ટયે કરી સંયુકત થયેલા છે, જેમણે જ્ઞાનાવરણીય પ્રમુખ સમગ્ર કર્મોનો ક્ષય કરેલો છે અને જન્મ, જરા, મરણના સમસ્ત દુઃખ નિવાર્યાં છે તે **સિદ્ધ ભગવાનોને** અમારો વારંવાર નમસ્કાર હો!

૩ જેમણે કુમતિ–કદાગ્રહને દૂર કરેલા છે, જેઓ સૂર્યની જેવા પ્રભાશાલી છે, ભવ્યાત્માઓને એકાન્ત હિતકારી દેશના દેવા જેઓ સાવધાનપણે પ્રવર્તે છે તેમજ જેઓ પંચેંદ્રિયનિગ્રહ, નવ બ્રહ્મગુપ્તિ, કષાય ચતુષ્કજય, પંચ મહાવ્રત પાલન, પંચાચાર સેવન તથા પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અખંડ ૩૬ ગુણના નિધાન એવા **ભાવ આચાર્ય** ભગવાનોને અમારો વારંવાર નમસ્કાર હો!

૪ શિષ્ય સંપ્રદાયને સૂત્રાર્થ શિખવવામાં જેઓ સાવધાન રહે છે, સાધુ સમુદાયની સંભાળ ( નિર્વાહ ) કરવામાં જેઓ સાગર જેવી ગંભીરતા રાખે છે અને ઇર્ષ્યા–અદેખાઇને તો જેમણે સર્વથા તજી દીધી હોય છે એવા શ્રેષ્ઠ વાચક યા **ઉપાધ્યાય** ભગવાનોને અમારો વારંવાર નમસ્કાર હો!

૫ સંયમમાર્ગમાં સમ્યગ્ રીત્યા પ્રવૃત્ત થયેલા, મુખ્યવૃત્ત્યા મન, વચન અને કાયાને સારી રીતે કાબુમાં રાખી રહેલા, સમતા–સમાધિમા સ્થિત થયેલા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્દ્રિયોગ્ય સહજાનંદમાં મસ્ત રહેનારા અને શુદ્ધ-નિર્દોષ દયા, દમનનું સેવન કરનારા વિશ્વવર્તી સમસ્ત **સાધુ સમુદાયને** અમારો વારંવાર નમસ્કાર હો !

૬ સર્વજ્ઞ-વીતરાગ કથિત જીવાજીવાદિક નવ તત્ત્વમાં અથવા શુદ્ધ દેવાદિક ત્રણ તત્ત્વમાં રૂચિ-શ્રદ્ધાન, એ જેનું લક્ષણ છે, વળી મિથ્યાત્વ કષાય પ્રમુખને ટાળવાથી જેનો આવિર્ભાવ ( દેખાવ ) થઇ શકે છે અને જે જ્ઞાન-ચારિત્રરૂપ મહાધર્મનું મૂળ છે તે નિર્મળ **સમ્યક્ત્વને** અમારો વારંવાર નમસ્કાર હો !

૭ જે અજ્ઞાન અને મહા મોહરૂપી અંધકારને દૂર કરી નાંખે છે, વળી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જેના પ્રકાર છે, જે અનેક રીતે જીવોને ઉપકાર કરે છે અને જે ભવ્ય જીવોને સર્વ પદાર્થ સંબંધી બોધ સમર્પે છે તે **જ્ઞાન** દિવાકરને અમારો વારંવાર નમસ્કાર હો !

૮ જે અખંડિત શક્તિ ( પ્રમાદ રહિત સતત્ પુરૂષાર્થ ) વડે પ્રાપ્ત થઇ શકે છે, સદ્ભાવનાયોગે જેની વૃદ્ધિ થઇ શકે છે અને જે શાશ્વત સુખાદિક આપવા સમર્થ છે તે **સંયમ વીર્યને** અમારો વારંવાર નમસ્કાર હો !

૯ જેના પ્રભાવે ગૌતમ સ્વામીની જેવી અનેક ઉત્તમ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, તેમજ દુઃસાધ્ય ( મહા મુશ્કેલીથી મેળવી શકાય એવા ) અર્થ પણ જેના વડે સુસાધ્ય ( સુખે મેળવી શકાય એવા ) થઇ શકે છે તથા જે સમર્થ હાથીની પેરે કર્મરૂપી વૃક્ષને સમૂળગું ઉખેડી નાંખે છે તે **તીવ્ર તપોભર** (આંબિલ વર્ધમાનાદિક અનેક પ્રકારના આકરા બાહ્ય અને અભ્યંતર તપસમુદાય ) ને અમારો વારંવાર નમસ્કાર હો ! ઇતિશમ્.

# नवपद स्वरूप गर्भित अरिहंतादिक आराधन उपदेश.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

૧ જેમણે રાગ, દ્વેષ અને મોહાદિક અંતરંગ શત્રુવર્ગને જીતી લીધો છે, જેથી ઉત્તમ કેવળજ્ઞાન પ્રમુખ આત્મ-સમૃદ્ધિ જેમને પ્રગટ-પ્રાપ્ત થયેલી છે. તેમજ ઉત્તમ પ્રાતિહાર્યાદિક અતિશયોવડે જે દેવાધિદેવની પદવીને પામેલા છે, અને જે પોતાની સાતિશય વાણીવડે અનેક જીવોના સંદેહરૂપી રજ સમૂહને સમીરની પેરે ઝાટકી કાઢે છે તે **જિન-અરિહંત** ભગવાનને હે ભવ્યજનો ! તમે સદાય દીલમાં ધ્યાવો !

૨ વિવિધ પ્રકારે જીવોને વિડંબના કરનારાં જ્ઞાનાવરણીય પ્રમુખ દુષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અષ્ટ કર્મનાં આવરણોથી જેઓ મુક્ત થયેલા છે, તેથી અનંત જ્ઞાન-દર્શન-ચરિત્ર અને અનંત શકિત પ્રમુખ આત્મ-લક્ષ્મી જેમને પ્રગટ થયેલી છે, તેમજ જેઓ સમગ્ર લોકના અગ્રપદને પામેલા છે એટલે નિરૂપાધિક સિદ્ધિ ગતિ અથવા મોક્ષ નામના પ્રસિદ્ધ સ્થાનને પ્રાપ્ત થયેલા છે તે **સિદ્ધ ભગવાનને** હે ભવ્યજનો ! તમે તમારા દીલમાં સદાય ધ્યાવો !

૩ અખંડ છત્રીશ ગુણગણથી અલંકૃત ભાવ--આચાર્યની ચરણ સેવા જીવોને જે સત્ય સ્વાભાવિક સુખ સમર્પે છે તેવું સુખ માતપિતાદિક સ્વજન સંબધીઓ આપી શકતા નથી તેટલા માટે હે ભવ્યજનો ! તમે તેવા **ભાવા-ચાર્ય**નાં ચરણ કમળ સદાય સેવો-પૂજો કે જેથી મોક્ષ સુખાદિક વેગે વરી શકો

૪ સુસ્વાદિષ્ટ જળ, ક્ષીર અને અમૃત સમાન અનુક્રમે હિતકારી શ્રુત, અર્થ અને સ્વાનુભવ જ્ઞાનવડે સ્વશિષ્યવર્ગને જેઓ પ્રસન્ન કરે છે તેવા સુપ્ર-સન્ન કૃપાળુ વર વાચક **ઉપાધ્યાયજી** મહારાજને હે ભવ્યજનો ! તમે સદાય દીલમાં ધ્યાવો !

૫ ક્ષાંત ( ક્ષમાશીલ-ક્ષમાળુ ), દાન્ત ( દમનશીલ—ઈંદ્રિયજિત્ ) સુગુપ્તિ ગુપ્ત ( મન, વચન અને કાયાને સુનિગ્રહિત કરી રાખનાર ), મુક્ત ( નિર્લેપ-નિઃસ્પૃહી ), પ્રશાન્ત ( જેમણે કષાય માત્રને સારી રીતે શોષવા દીધા છે એવા વૈરાગ્ય રસમાં ઝીલનાર ), મૂળ-ઉત્તર સાધુ યોગ્ય ગુણને ધારણ કર-નાર ( પાંચ મહાવ્રતાદિક સાધુ યોગ્ય ૨૭ ગુણે અલંકૃત ), વિકથાદિક પ્રમાદ વર્જિત, અને મોહ માયાથી મૂકાયેલા ( હું અને મારૂં જેમને નથી, અથવા અહંતા અને મમતાને જેમણે મારી કાઢી છે ) એવા **મુનિરાજ**નાં ચરણ કમળને તમે સદાય ધ્યાવો !

૬ સર્વજ્ઞ કથિત ષટ્ (છ) દ્રવ્ય ( ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકા-શાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ ), જીવાજીવાદિક નવ તત્ત્વ ( જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ ), સપ્ત નય ( નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત ), સપ્તભંગી ( સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિનાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, અને સ્યાત્ અસ્તિનાસ્તિ યુગપત્ અવક્તવ્ય ), ચાર નિક્ષેપા ( નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ), પાંચ ભાવ ( ઔદયિક, ઉપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પરિણામિક ) તેમજ બે પ્રમાણ ( પ્રત્યક્ષ અને પરોક્ષ સવિકલ્પ ) વિગેરે આપ્ત વચનમાં સુશ્રદ્ધાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દૃઢ પ્રતીતિ ) લક્ષણવાળા સમ્યકત્વને સર્વ ગુણોમાં પ્રધાન એટલા માટે ગણવામાં આવેલ છે કે જેમ વિશુદ્ધ રસાયણવડે ગમે તેવી કષ્ટ સાધ્ય વ્યાધિઓ પણ દૂર થાય છે તેમ આ ( સમ્યકત્વ.) ગુણવડે અન્ય ગુણ પ્રતિબંધક કદાગ્રહ પ્રમુખ અનેક પ્રકારના આંતર વ્યાધિઓ ઉપશમી જાય છે. એમ સમજીને હે ભવ્યાત્માઓ ! ઉક્ત **સમ્યકત્વનું** તમે યથાવિધ આરાધન કરો ! જેથી તમારી સઘળી ધર્મકરણી મોક્ષદાયી નીવડે.

૭ વિધવિધ ( અનેક પ્રકારના ) અપેક્ષાવાળા અભિપ્રાયોવડે વસ્તુમાં રહેલા અનંતા ધર્મોનું સ્ફોટન કરનારા નય સમૂહયોગે નિષ્પન્ન થયેલ, કેવળ વસ્તુ સ્વરૂપનું જ પ્રતિપાદન કરનાર, અત્યારે પણ આગમ રૂપે પ્રગટ દેખાતા, સ્વ-પર પ્રકાશક હોવાથી બીજા ચાર જ્ઞાન કરતાં ચઢીયાતા, રત્નદીપકની પેરે અંતસ્તમ ( ઉંડા અજ્ઞાન અંધકાર )ને હરણ કરનારા, જાજ્વલ્યમાન **જ્ઞાનદીપકને** હે ભવ્યજનો ! તમારા મનમંદિરમાં સ્થાપો !

૮ જગતમાત્રને અંધ કરી નાંખે એવા સમર્થ મોહનો નિરોધ કરવા વડે પ્રધાન, સમિતિ-ગુપ્તિ પ્રમુખ સુસંવર સ્વરૂપ, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત એ પાંચ પ્રકારવાળા અને મૂળ તથા ઉત્તર અનેક ગુણોવડે પવિત્ર એવા સત્ **ચારિત્રને** તમે સદાય નિરતિચારપણે પાળો !

૯ છ પ્રકારે બાહ્ય અને છ પ્રકારે અભ્યંતર એમ જેના બાર ભેદ ગણાય છે, જેનાવડે દુર્ભેદ્ય કુકર્મોનો ભેદ ( વિનાશ ) થઇ શકે છે, એવા પાપ વિનાશક તપને હે ભવ્યજનો ! તમે જન્મમરણાદિક દુઃખનો ક્ષય કરવા માટે આગમરીતે નિરાશીભાવે ( નિષ્કામવૃત્તિથી ) સેવો ! જેથી તમે જલદી ભવભ્રમણ નિવારીને અક્ષય-અવ્યાબાધ-શિવ સુખને પામી શકશો.

## ઉપસંહાર.

સ્વર્ગ-મોક્ષ પ્રમુખ ઇષ્ટ ફળને પ્રકર્ષે કરીને દેવાવાળા ઉપર કહેલાં ઉત્તમ નવ પદોને જે ભવ્યાત્માઓ આરાધે છે તેઓ **શ્રી શ્રીપાળ નરેશ્વરની** પેરે સુખની પરંપરા અવિચ્છિન્ન સુખ સંપદાને સહેજે પામે છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# तपनो प्रभाव तथा तपकरवानी आवश्यकता.

( ઉપદેશ તરંગિણ્યામ્-પૃ. ૯૦ )

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

"સમતા સહિત કરવામાં આવતા તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થઇ શકે છે."

"પ્રદીપ્ત કરેલા તપ-અગ્નિવડે અશુદ્ધ એવું જીવ-સુવર્ણ વિશુદ્ધ થઈ શકે છે."

"તીર્થંકરોએ પોતે પણ તપ સેવ્યો છે અને તેથી અદ્ભુત લાભ જાણી ભવ્ય જનોના હિતમાટે તીર્થંકરોએજ તપનું સેવન કરવા ફરમાન કરેલું છે. તપથી દ્રવ્ય ભાવ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, ભવસંતતિનો ક્ષય થાય છે, રોગનું નિર્મૂલન થાય છે, કર્મનો અંત થાય છે, વિઘ્નો વિસરાળ થઇ જાય છે, ઇંદ્રિયોનું દમન થાય છે, મંગળમાળા વિસ્તરે છે, ઇષ્ટ અર્થ સિદ્ધ થાય છે, દેવતાનું આકર્ષણ થાય છે તેમજ તેથી કામવિકાર નષ્ટ થાય છે, માટે તપનું સેવન અવશ્ય કરવું જોઇએ."

૧ **ઋષભદેવ** ભગવાન **એક વર્ષ પર્યંત** અને **વર્ધમાન** સ્વામી **છ માસ પર્યંત** અશનાદિક આહારરહિત **ઉપોષિત**પણે વિચર્યા હતા—પ્રમાદ રહિત સંયમ માર્ગને પાળતા ધ્યાનમાં ઝકઝોળ રહ્યા હતા. એમ **ઉપદેશમાળા**દિક શાસ્ત્રથકી જાણી આત્માર્થી જનોએ એ રીતે તપનું સેવન કરવું.

૨ દુષ્કર તપવડે સઘળાં ઘનઘાતિકર્મોનો ક્ષય કરી, નિર્મળ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકરોએ ભવ્ય જીવોના હિત માટે દ્વાદશ વિધ (બાર પ્રકારના) તપનું પ્રતિપાદન કર્યું. તેમાં **૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસ ત્યાગ, ૫ કાયકલેશ (દેહદમન)** અને ૬ કૂર્મવત્ **કાય સંલીનતા** એ છ પ્રકારનો **બાહ્યતપ**, અને **૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન** અને **૬ કાયોત્સર્ગ** એ છ પ્રકારનો **અભ્યંતર** તપ કરવો પ્રકાશેલ છે. બાહ્યતપ સેવન કરવાનું અભ્યંતર તપની પુષ્ટિમાટે ભગવાને કહેલું છે. તેથી જેમ વિનયાદિક તપોગુણની વૃદ્ધિ થવા પામે તેમ લક્ષપૂર્વક તે બાહ્યતપનું સેવન કરવું ઘટે છે અને ત્યારે જ તેની સાર્થકતા છે. અભ્યંતર તપથી એકાંત હિત સંપજે છે.

૩ તપવડે સુવર્ણપુરૂષાદિક સિદ્ધિયો પ્રાપ્ત થાય છે, તેમજ તપવડે **ચિલાતિપુત્રાદિક**ની પેરે ભવસંતતિનો પણ ક્ષય થાય છે. જૂઓ ! **ચિલાતિપુત્રે ઉપશમ, વિવેક અને સંવર** એ ત્રણેજ પદોના શ્રવણ, મનન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દિધ્યાસનરૂપ વજ્રવડે પાપપર્વતનું વિદારણ કરી પોતાના આત્માને ઉન્નત કર્યો; જે ભવાંતરમાં કર્મગાત્રનો ક્ષય કરી મોક્ષ વરમાળા પણ વરશે. માટે ઠીક કહ્યું છે કે " **જે કંઈ દૂર દુરારાધ્ય અને દેવતાઓને પણ દુર્લભ છે તે સઘળું તપવડે સાધ્ય થઇ શકે છે. તપનો પ્રભાવ અચિન્ત્ય છે.** "

૪ શ્રી **સિધ્ધચક્રનું** આરાધન કરતાં **આયંબિલ** તપવડે **શ્રીપાળ** રાજાનો **કુષ્ટરોગ** ( કોઢ ) શાન્ત થયો, અને તેની કાયા કંચનવર્ણી થઇ. ઇત્યાદિ.

૫ બ્રહ્મ-સ્ત્રી-બાળ-ગૌહત્યાદિક દુષ્કર્મ કરનાર **દ્રઢપ્રહારી** તપવડે કઠણ કર્મનો ક્ષય કરી સદ્ગતિ પામ્યો. ઇત્યાદિ.

૬ દ્વારિકાનગરીમાં **દ્વૈપાયન** દેવકૃત ઉપસર્ગો **આયંબિલ તપના પ્રભાવથી** દ્વાદશ વર્ષ પર્યંત અટકી શક્યા. જ્યારે લોકો તપ કરવામાં મંદ-શિથિલ થયા ત્યારેજ તે ઉપસર્ગો પ્રગટ થયા. ઇત્યાદિ.

૭ " ઇન્દ્રિયો રૂપ વિવરવડે વાંચ્છારૂપ પવનનું ભક્ષણ કરી ચિત્તરૂપી કરંડીયામાં સ્થિતિ કરનારા રાગાદિક દોષોરૂપ ભુજંગો અતિ ભયંકર બને છે પરંતુ જો તેમને સર્વથા ભૂખ્યા રાખવામાં આવેછે તો ખરેખર થોડાજ વખતમાં તેઓ નાશ પામે છે અને પછી પૂર્વે નહિ અનુભવેલું અતિ અદ્ભુત સુખ પ્રગટે છે. " એવી રીતે તપવડે ઇંદ્રિયદમન અને રાગાદિ દોષોનો પણ નિગ્રહ થાય છે.

૮ કુગ્રહ પીડા અને દુર્નિમિત્તાદિકનો ક્ષય કરનાર અને સુખસંપદાને મેળવી આપનાર તપ ખરેખર **મંગળકારી** છે.

૯ અઠ્ઠમતપના પ્રભાવવડે માગધ, વરદામ, ગંગા, સિંધુ અને પ્રભાસાધિક દેવોનો **મનસ્માનતો જય ચક્રવર્તીઓ** કરી શકે છે. ઇત્યાદિ.

૧૦ તપવડે **હરિકેશીબલ** મુનિનીપેરે દેવનું આકર્ષણ થાય છે એટલે તપના પ્રભાવે દેવતા પણ દાસ થઈ તપસ્વીજનોની સેવાભક્તિમાં હાજર રહે છે.

૧૧ " એક રસનેંદ્રિયદ્વારા જ્યાંસુધી અશ જળ નિયમ વગર મળ્યાં કરે છે ત્યાંસુધી પ્રાણીઓનાં ઉદય કર્મ, દોષ-દુર્ગને તજીને જતા નથી. " એ રીતે તો રાગાદિક ઉલટા મજબૂત જ બને છે. આ હેતુથીજ અનશન, ઉનોદરી પ્રમુખ બાહ્યતપનું નિર્માણ કરેલ છે, અને સરસ માદક આહાર તેમજ અતિઘણો ( જરૂર કરતાં વધારે ) નીરસ આહાર પણ બ્રહ્મચારી જનોને અવશ્ય વર્જ્યો કહ્યા છે. ઇત્યાદિક હેતુઓવડે **તપનો પ્રભાવ** અને **તપ કરવાની આવશ્યકતા** સહેજે સિદ્ધ થાય છે. ઇતિ શમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુશીલ થવા સાર શિક્ષા વચનો.

( ઉપદેશ તરંગિણિમાંથી )

**( લેખક– સન્મિત્ર કર્પૂરવિજયજી. )**

" જેઓ ભર યૌવનમાં સુશીલવંત છે તેઓની ખરેખર સત્પુરૂષોમાં ગણના થાય છે. જેઓ નદીઓના પૂરમાં પોતે પ્રવેશી તરી શકે છે તેઓ જ તારૂ હોઇ બીજાને પણ તારી પાર પમાડી શકે છે. "

**" પઢન ગુનન કવિ ચાતુરી, હૈ સબ વાત સહલ્લ;**
**મદન દહન મન વસીકરન, ગગન ચલન મુસકિલ્લ. "**

**વ્યાખ્યા**—ભણવું, ગણવું, તેમજ પદ્યબંધ કાવ્યો કરવાં એ સર્વ બાબતો સહેલી છે પરંતુ કામ વિકાર દૂર કરવો અને પવનવેગી ઘોડા જેવા મનને લગામમાં રાખવું એ આકાશમાં કશા આલંબન વગર ચાલવાની પેરે અતિ કઠણ કામ છે. જો કે સારાં મજબૂત આલંબન–સાધનવગર તો આકાશમાર્ગે ચાલી શકાતું નથી; પરંતુ જો પુષ્ટ આલંબનરૂપ બલૂન કે વિમાનાદિકવડે તે આકાશગમન પણ સુતર થઇ શકે છે, તેમ જગત વત્સલ શ્રી જિનેશ્વરભગવાને પ્રકાશેલાં આગમ વચનાનુસારે નવવિધ બ્રહ્મ ગુપ્તિનું યથાવિધ પાલન કરી ઇંદ્રિય કષાયાદિકનું દમન કરવાથી અભ્યાસવશાત્ સહેજે કામવિકાર દૂર થઇ શકે છે અને અતિ ચપળ મન પણ અનુક્રમે વશવર્તી થઇ રહે છે.

**" કુરંડ રંડત્તણુ દુબ્ભગાઇ, વંઝત્ત નિંદૂ વિસકન્નગાઇ;**
**જમ્મંતરે ખંડિઅ સિલભાવા, નાઊણ કુજ્જા દઢ સીલભાવં. " ૨**

**વ્યાખ્યા**—બાળરંડાપો, ચોરીમાંજ રંડાપો–વિધવાપણું, દૌભાગ્ય–સર્વત્ર અળખામણાં થવું, પુત્ર–સંતાન રહિત રહેવું, મૃત બાળકને પ્રસવવાં અને જેના સ્પર્શમાત્રથી સામાને વિષ ચઢી જાય એવા વિષમ સ્પર્શવાળા વિષકન્યાના અવતારને પ્રાપ્ત થાવું એ સર્વ અનિષ્ટ બનાવો જન્માંતર ( આગલા જન્મ ) માં શીલવ્રતને ખંડી વ્યભિચાર સેવવાનાં ફળ છે એમ સમજી શાણા ભાઇ બ્હેનોએ વર્તમાન ભવમાં જેમ બને તેમ શીલવ્રતમાં સુદૃઢ રહેવું. ગમે તેવા વિષમ સંયોગોમાં પણ વિષય વિકારને વશ થઇ પવિત્ર શીલવ્રતથી લગારે ચલાયમાન નહિં જ થાવું. પવિત્ર શીલ પાળવામાં એકકા ( ઉત્તમ દૃષ્ટાંતરૂપ ) થયેલા વિજયશેઠ, વિજયા શેઠાણી, સુદર્શન, જંબૂકુમાર અને સ્થૂલભદ્રસ્વામી જેવા સમર્થ સતા સતીઓનાં સત્ ચરિત્રો સદાય લક્ષમાં રાખી સ્વનિયમથી લગારે ડગવું નહિં.

૩ **' મંત્રાણાં પરમેષ્ટિ મંત્ર મહિમા '**—સઘળા મંત્રોમાં ' નવકાર ' –નમસ્કાર મંત્રનો મહિમા શિરોમણિરૂપ છે. એકજ નવકારનું સ્મરણ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશય શુદ્ધિથી ૫૦૦ સાગરોપમ પ્રમાણ પાપ પલાયન થઇ જાય છે, તેના એકજ પદનું સ્મરણ કરતાં ૫૦ સાગરનાં પાપ ક્ષય પામે છે. અને તેના એકજ અક્ષરને યાદ કરતાં ૭ સાગર જેટલાં પાપ દૂર થઇ શકે છે. એવો અગાધ મહિમા નવકાર મહામંત્રનો જાણી ભાવિક ભાઇ બહેનોએ આત્મકલ્યાણાર્થે તેમાં અત્યંત આદર કરવા ઘટે છે.

૪ **'તીર્થેષુ શત્રુંજયઃ'**–સકળ તીર્થોમાં શત્રુંજય તીર્થ શિરોમણિ છે. જેના આલંબનથી આ ભવસમુદ્ર સુખે તરી શકાય તે તીર્થ કહેવાય છે. જ્યાં એકાદિ તીર્થંકરાદિક સંબંધી કેવળ જ્ઞાન કે નિર્વાણાદિ કલ્યાણક થયેલ હોય તેને જ્ઞાની પુરૂષો તીર્થ કહે છે, તો જ્યાં સંખ્યારહિત તીર્થંકરો, ગણધરો આવી મોક્ષપદને પામ્યા અને અનંત કોટિ સાધુજનો કેવળજ્ઞાન પામી શિવ-સુખ પામ્યા એવા શત્રુંજય તીર્થરાજનું તો કહેવું જ શું? એ અતિ પવિત્ર તીર્થરાજની ભૂમિનું વાતાવરણ ભવ્ય જનોને અત્યંત સુખશાંતિ અર્પવાવાળું છે, તેથી આત્માનું કલ્યાણ ઇચ્છનાર સહુ કોઇ સજ્જનોએ એ અવશ્ય સેવવા, અર્ચવા, પૂજવા યોગ્ય જ છે.

૫ **'દાને પ્રાણિદયા'**—સઘળા દાનોમાં અભયદાન પ્રધાનપણે અત્યંત વખાણ્યું છે. સહુ કોઇને જેવું જીવિત વ્હાલું હોય છે એવું બીજું કશું વ્હાલું હોતું નથી. તેથી જ બીજાં ગમે તે દાન કરતાં અભયદાન ચઢીયાતું કહ્યું છે. 'સહુ કોઇ પ્રાણી મરણથી કંપે છે' એમ સમજીને જ નિગ્રંથ સાધુ જનો અતિ ઘોર પ્રાણીવધથી સદંતર દૂર રહે છે. મન, વચન અને કાયાથી પ્રાણી-વધ પોતે કરતા કરાવતા કે અનુમોદતા નથી એટલુંજ નહિં પરંતુ **'આત્મવત્ સર્વ ભૂતેષુ'** એટલે સકળ પ્રાણીવર્ગને પોતાના પ્રાણ તુલ્ય લેખે છે. યાવત્ પોતાના પ્રાણના ભોગે પણ બીજાનાં પ્રાણ બચાવવા બનતું કરે છે. એજ **'અહિંસા પરમો ધર્મઃ'** એ ઉત્તમ સૂત્રનું ઊંડું રહસ્ય છે એમ સમજી કોઇ જીવને દુઃખ પરિતાપ ન થાય તેવી ઊંડી લાગણી-દરકાર રાખવી એ સર્વ કોઇ સહૃદયને ઉચિત જ છે.

૬ **'ગુણેષુ વિનયઃ'**–સઘળા ગુણોનું મૂળ–વિનયજ છે. ખરા વિનય વગર કોઇ પણ સદ્‌ગુણ આપણને પ્રાપ્ત થઇ શકે જ નહિં. તેથી વિનય– નમ્રતા સેવવાની પહેલી જ જરૂર છે. વિનયવડે આપણા ગુરૂ મહારાજ વિગેરે વડીલો ખુશી થઇને આપણને સારી સારી શિખામણો આપે છે, જેથી આપણને વિવેક પ્રગટે છે, અભિનવ જ્ઞાન મળે છે. શુદ્ધ શ્રદ્ધાન જાગે છે અને આપણા વર્તનમાં પણ અવનવો ઉત્તમ ફેરફાર થઇ શકે છે. એ બધો મહિમા વિનયનો છે. તેના વડે આ જન્મમાં આત્માનો ઉત્તમ સુધારો કરી આપણે ભવાંતરમાં સ્વર્ગ અને અનુક્રમે મોક્ષનાં પણ સુખ મેળવી શકીએ તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ **'વ્રતેષુ બ્રહ્મવ્રતમ્'**—અનેક ઉત્તમ વ્રત નિયમોમાં નિર્મળ મન, વચન, કાયાથી અખંડ બ્રહ્મવ્રત પાળવું એ દુર્ધર છે. બીજાં વ્રતો નદીઓ સમાન કહ્યાં છે ત્યારે ઉત્તમ બ્રહ્મવ્રત સમુદ્ર સમાન કહેલ છે. કાયર માણસો તે દુર્ધર-વ્રતસમુદ્રને દેખી કંપી ઉઠે છે, ત્યારે સાત્વિક જનો શ્રીજિનેશ્વર મહારાજનાં વચન ઉપર દૃઢ શ્રદ્ધા–વિશ્વાસ રાખી અચળ–અડગ પુરૂષાર્થથી તે વ્રતસમુદ્રને તરી પેલે પાર જાય છે. દેવ, દાનવ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિંનરાદિક દેવો પણ બ્રહ્મચારી જનોને નમસ્કાર કરે છે, કેમકે તે દુષ્કર વ્રતને પાળવું તેઓ બહુ કઠણ સમજે છે.

૮ ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મમાં મોહનીય, વ્રતમાં બ્રહ્મવ્રત, ગુપ્તિઓમાં મન ગુપ્તિ–એ ચારે સ્વવશ કરવાં સુલભ નથી પણ દુર્લભ છે, દુઃશક્ય છે; પરંતુ અશક્ય તો નથી જ. રસનેન્દ્રિયાદિકથી પરિણામે થતી મહા હાનિ અને બ્રહ્મ-વ્રતાદિકથી પરિણામે થતા મહા લાભ જેને સમ્યગ્ સમજાય છે તેવા વિરલ પુરૂ-ષાર્થી જનો તેમને સ્વવશ કરી શકે છે. **રસનેન્દ્રિયના** વિષયમાં લુબ્ધ બનેલા જંતુઓ ભક્ષ્યાભક્ષ્યનો પણ વિવેક ભૂલી જાય છે, રસગૃદ્ધ બનીને તેઓ પ્રમા-ણાતિરિક્ત ( જરૂર કરતાં ઘણું જ વધારે ) ખાન પાન કરી અજીર્ણાદિક રોગ-વડે પ્રગટ દુઃખી થાયછે અને રસલોલુપતાથી રાગાદિક વિકાર વશ બની ભવાંતરમાં પણ અધોગતિને પામે છે. ત્યારે જે જનો જીભને વશ કરી વર્તે છે, તેમને તેવા વિરૂવા–માઠા વિપાક વેદવા પડતા નથી. અહંતા અને મમતા એ **મોહ** રાજાનો ગુપ્ત મંત્ર છે, તેથી જ જગત માત્ર અંધ બની જાય છે. જેને સ્વપરનો ભેદ યથાર્થ સમજાય છે તેજ તેનાથી બચી શકે છે અને તેના પ્રતિમંત્રથી તે મોહનો જ પોતે જય કરી શકે છે. જીવ માત્ર 'હું અને મારૂં' એવા મિથ્યાભિમાન-થીજ દુઃખી થાય છે. તત્ત્વજ્ઞાનયોગે વિવેકવડે જ તેનું મિથ્યાભિમાન દૂર કરી શકાય છે અને ત્યારે જ જીવને રાગ દ્વેષરહિત સમતાજન્ય શ્રેષ્ઠ સુખ હાંસલ થઇ શકે છે. અબ્રહ્મવડે કહો કે કુશીલતાવડે રાવણ જેવા રાજ-વીઓના પણ પ્રગટ બૂરા હાલ થયા છે અને ભવાંતરમાં વળી નરકાદિક નીચ ગતિ જ પ્રાપ્ત થાય છે ત્યારે **બ્રહ્મવ્રત** અથવા સુશીલતાથી **સુદર્શન** શ્રેષ્ઠિની પેરે સંકટ માત્ર દૂર થઇ જાય છે, અને દેવતાઓ પણ દાસ થઇને રહે છે; તો પછી બીજાનું કહેવું જ શું ? મર્કટ કરતાં વધારે મસ્તીખોર મન નકામા કૂદકા મારી ભારે ખૂવારી કરે છે. તેને યુક્તિથી સારી રીતે સાંકળ્યું હોય તોજ તે જંપે છે અને જંપવા દે છે. અથવા મન પારાની જેવું ચંચળ હોવાથી વારંવાર વિખરાઇ જાય છે, તેને જો ભાવના ( સમતા ) ઔષધિથી મારવામાં આવે તો જ તે સ્થિર થઇ શકે છે અને તોજ શાંતિ–સમાધિ પ્રાપ્ત થાય છે. મનોગુપ્તિ એજ મોક્ષ સુખને મેળવવાની ખરી કુંચી છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

# સમ્યક્ત્વના વિષયપર વિક્રમની કથા.

જેમ સર્વ ગુણોનું જીવન ઉદારતા છે, અને સર્વ તપસ્યાઓનું જીવન ક્ષમા છે, તેમ બાર વ્રતોનું પરમ જીવન **સમકિત** જ છે. હૃદયને વિષે સર્વજ્ઞ દેવ, સદ્ગુરૂ અને સદ્ધર્મની જે નિર્મળ શ્રદ્ધા, તે સમકિત કહેવાય છે. તે સમકિત તત્ત્વજ્ઞાનીએ આત્માને પરમ હિતકારક કહ્યું છે. સમકિતના પ્રભાવથી મનુષ્યની દેવતાઓ સેવા કરે છે, અને **વિક્રમ** રાજાની જેમ સર્વ પ્રકારની લક્ષ્મીઓ વિસ્તાર પામે છે. તે વિક્રમ રાજાની કથા નીચે પ્રમાણે,—

આ જંબૂદ્વીપમાં કુસુમ ( પુષ્પ ) ના જેવું **કુસુમપુર** નામનું નગર છે. તેમાં રહેલા સુવર્ણના મહેલોની કાંતિઓ તેની કેસરાની શોભાને પામે છે. તે નગરમાં પૃથ્વીરૂપી સ્ત્રીના તિલક સમાન **હરિતિલક** નામે મહા રાજ્ય કરતો હતો. તેને મનોહર ગુણોવડે ગૌરી ( પાર્વતી ) ના જેવી **ગૌરી** નામની રાણી હતી. તેમને લાખો માનતાઓથી વંધ્યાપણાના દોષને નાશ કરનારો અને પંડિતોએ જાણવા લાયક સારા લક્ષણવાળો એક પુત્ર થયો. તે પુત્ર ગર્ભમાં હતો ત્યારે રાજાએ વિક્રમ ( પરાક્રમ ) વડે શત્રુઓને જીત્યા હતા તેથી તેની માતાએ મહોત્સવપૂર્વક તેનું **વિક્રમ** એવું નામ રખાવ્યું—પાડ્યું. યોગ્ય સમયે તે વિનયવાન કુમારે ઉપાધ્યાયને આધીન રહીને સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, અને સર્વ કળાઓમાં કુશળ થયો. પછી કામદેવરૂપી હસ્તીને ક્રીડા કરવાના અરણ્ય સમાન યૌવનને વિષે જવાને તૈયાર થયેલા તે કુમારને રાજાએ બત્રીશ રાજપુત્રીઓ પરણાવી. તેમની સાથે મનોહર બત્રીશ મહેલોમાં તે કુમાર ક્રીડા કરવા લાગ્યો. તેટલામાં તો તે અકસ્માત્ અનેક વ્યાધિઓથી વ્યાપ્ત થઇ ગયો. કુષ્ટ, કાસ ( ઉધરસ ), જ્વર, શ્વાસ, શોફ ( સોજા ), શૂળ, જલોદર, મસ્તક વ્યથા, ગડુ[1] ( વ્યાધિવિશેષ ), નેત્રરોગ, વાન્તિ ( વમન ) અને વાયુ એટલા વ્યાધિઓથી તે પીડાવા લાગ્યો. તેના પ્રતીકારને માટે બકરાં વિગેરેના બળિદાનની માનતાઓ કરવામાં આવી તે તથા મંત્ર અને ઔષધની ક્રિયાઓ વિગેરે સર્વ મૂર્ખ માણસને વિષે હિત વચનની જેમ નિષ્ફળ થયાં. તેની નાસિકા, ઓષ્ઠ, હાથ અને પગ કૃશ થઇ ગયા, અને વ્યાધિઓથી અત્યંત પીડા પામતો તે કુમાર શય્યામાં પડ્યો પડ્યો રાત્રિ દિવસ મહા કષ્ટથી બરાડા પાડવા લાગ્યો. પછી તેણે રોગની શાંતિને માટે નગરની બહાર રહેલા **ધનંજય** નામના પ્રસિદ્ધ યક્ષને સો પાડાનું બળિદાન આપવાની માનતા કરી. તેવામાં દુષ્કર્મરૂપી અંધકારને નાશ પમાડ-

1 ગલગંડ ( કંઠમાળ ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં દિવસ સમાન **વિમળકીર્તિ** નામના કેવળી ભગવાન તે નગરની બહારના ક્રીડાવનમાં પધાર્યા. તે વખતે તે કેવળીને વાંદવા માટે અત્યંત ભક્તિમાન રાજા આનંદના સમૂહથી ઉછળતા પુરજનો સહિત આવ્યો. તે વૃત્તાંત જાણીને વિદ્વાન વિક્રમકુમાર વિચાર કરવા લાગ્યો કે—"અહો! લાભથી લોભની જેમ ઔષધોથી આ મારા વ્યાધિઓ ઉલટા વૃદ્ધિ પામે છે. જેમ હસ્તીઓના ઉગ્ર દાંતો પર્વતોને વિષે ભાંગી જાય, તેમ મુદ્રા, મંડળ, મંત્રો, ઔષધો તથા દેવની માનતાઓ એ સર્વ મારા વ્યાધિઓમાં ભગ્ન થઈ ગયા છે; માટે આ મારા રોગરૂપી સર્પો ગર્વને લીધે જેના બળથી પ્રસરે છે, તે અજ્ઞાનનો આજે હું નાશ કરૂં, અને જ્ઞાનનો પ્રકાશ કરવામાં સૂર્યસમાન મુનિને ભજું-તેમને શરણે જાઉં." આ પ્રમાણે વિચાર કરીને ઉદ્યમ કરવામાં સાહસિક તે કુમારે રાજાને વિનંતિ કરી કે-'શમતાના રાશિસમાન મુનિને નમસ્કાર કરવામાટે મને સાથે લઈ જાઓ.' તે સાંભળીને અશ્રુના બિંદુઓ વડે મુખપર રહેલા દાઢીમૂછના વાળને મુક્તાફળની શ્રેણી જેવા દેખાડતો રાજા તેને મીયાનામાં બેસાડીને સાથે લઇ ગયો. સુવર્ણકમળરૂપ આસનના મધ્ય ભાગમાં બેઠેલા અને મધુર ભાષણ કરનારા તે મુનિરાજને રાજાએ કુમારસહિત નમન કર્યું. પછી મનુષ્યોના પાપરૂપી વિષનું હરણ કરતા મુનિએ અમૃત રસની વૃષ્ટિ કરનારી વાણીવડે ધર્મોપદેશ કર્યો. દેશના થઈ રહ્યા પછી વિક્રમ કુમારના કહેવાથી રાજાએ મુનિને પૂછ્યું કે-'હે ભગવાન! આ મારો કુમાર કોઈપણ પ્રકારે આરોગ્યતાને પામતો નથી, તેનું શું કારણ?' તે સાંભળીને મુખને વિષે દાંતના કિરણોવડે જાણે સ્પષ્ટ રીતે સ્ફુરણાયમાન ધર્મ જ દેખાતો હોય તેમ જ્ઞાનવડે સંશયોનો [1]કવળ કરનારા કેવળી ભગવાન બોલ્યા કે—

"પૂર્વ પશ્ચિમ મહાવિદેહની પૃથ્વીમાં રત્નસમાન **રત્નસ્થળ** નામના પુરમાં છળકપટના સ્થાન સમાન **પદ્મ** નામનો દુષ્ટ રાજા થયો હતો. તે મૃગયાના રસમાં અત્યંત આસક્ત હોવાથી એકદા અરણ્યમાં ગયો, ત્યાં તેણે કાયોત્સર્ગે રહેલા **સુયશા** નામના એક સાધુને જોયા. ધર્મ અને જ્ઞાનના શત્રુ જેવા તે રાજાએ ધર્મ અને જ્ઞાનના આશ્રયભૂત તે સાધુના હૃદયમાં નિઃશંકપણે બાણ માર્યું. તરતજ ધર્મના આધારભૂત વૃક્ષસમાન તે સાધુ બાણના પ્રહારવડે વ્યગ્ર થવાથી જાણે પોતે કોઈનું અપ્રિય-અહિત કર્યું હોય તેમ મિથ્યા દુષ્કૃત્યનો ઉચ્ચાર કરતા પૃથ્વી પર પડ્યા. તે જોઇને અનેક માણસોએ રાજાને ધિક્કાર્યો. એટલે પોતાને ધિક્કારનારા મનુષ્યોને રાજા હણવા લાગ્યો, તેથી મંત્રીઓએ તેને તત્કાળ

૧ કોળીઆરૂપ કરનારા અર્થાત્ નાશ કરનારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંજરામાં નાંખીને પાપલક્ષ્મીને ક્રીડા કરવાનો પોપટ બનાવ્યો. અને તેના પુત્ર પુંડરીકને રાજ્ય પર બેસાર્યો. પછી કેટલાક દિવસે નરકને યોગ્ય એવા તે રાજાને પાંજરામાંથી મુક્ત કર્યો. મુનિરાજ સુયશા તો પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરી છ કાય જીવસમૂહને બચાવી [1]લવસત્તમ દેવ થયા.

સાધુવર્ગ ઉપર અત્યંત વૈર રાખતા તે પદ્મરાજાએ માણસોથી અત્યંત નિંદા પામતા છતાં પણ તે નગરના ઉપવનનો ત્યાગ કર્યો નહિં. અન્યદા પોતાના યશવડે આકાશને ઉજ્વળ કરતા તથા ધ્યાનમાં મગ્ન થયેલા **સોમ** નામના બીજા મુનિને પણ તેણે પોતાના આત્માને દુર્ગતિમાં પાડે તેમ દંડના ઘાવડે પૃથ્વી-પર પાડી નાંખ્યા. પૃથ્વીના જંતુઓને ખમાવીને તથા શરીરનું સંમાર્જન કરીને પ્રતિમાએ રહેલા તે સાધુને એ દુષ્ટ રાજાએ તેજ રીતે બીજી વાર પણ પ્રહારવડે પાડી નાંખ્યા. આ પ્રમાણે વારંવાર પાપ કરતા તે રાજાને જોઇને કોઈ **પુણ્ય** નામના મુનિએ અવધિ જ્ઞાનવડે તેનો આશય જાણી–તેની નિર્ભર્ત્સના કરીને કહ્યું કે—" અરે દુષ્ટ ! પોતાના સંતોષને માટે શમતાના સાગર એવા મુનિઓને હણતાં તું પાપથી તો બીતો નથી, પણ શું મારા જેવાથી પણ બીતો નથી ? હે દુષ્ટ ! સુયશા વિગેરે મુનિઓએ તારો અપરાધ સહન કર્યો, પરંતુ હું સહન કરીશ નહિં. માટે તું તારા અભીષ્ટ દેવતાનું સ્મરણ કર. જો આ હું તને મારૂં છું. " એમ કહીને તે મુનિએ વિજળીવડે વૃક્ષની જેમ તેજોલેશ્યાવડે તેને ભસ્મ-સાત્ કરી નાખ્યો. પછી તે મુનિ મેઘની જેમ શાંત થયા. પદ્મરાજા પાપના ભારને લીધે ઉંચો જવાને અસમર્થ હોવાથી અધોગતિની અવધિરૂપ સાતમી નરકે ગયો. મુનિએ પણ તે પાપની આલોચણ લઇને તેનું પ્રતિક્રમણ કરી તે પાપ દૂર કર્યું, અને તીવ્ર તપ કરી આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગે ગયા.

તે રાજાનો જીવ અપ્રતિષ્ઠાન નામના સાતમી નરકના નરકાવાસામાંથી નીક-ળીને સ્વયંભૂરમણ સમુદ્રમાં [2]મત્સ્ય થયો. તે મત્સ્ય ત્યાંથી મરીને પાછો સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળીને મત્સ્યનો ભવ કરી છઠ્ઠી નરકે ગયો. ત્યાંથી નીકળી ચંડાળની સ્ત્રી થઇ ફરીને છઠ્ઠી નરકે ગયો. ત્યાંથી નીકળી હાથીનો ભવ કરી પાંચમી નરકે ગયો, ત્યાંથી મત્સ્યનો ભવ કરી ફરીથી પાંચમી નરકે ગયો. ત્યાંથી નીકળી સિંહ થઇને ચોથી નરકે ગયો. ત્યાંથી મત્સ્યનો ભવ કરીને ફરીથી ચોથી નરકે ગયો. ત્યારપછી શ્યેન પક્ષી થઇને ત્રીજી નરકે ગયો. ત્યાંથી ગીધ પક્ષીનો દેહ ધારણ કરીને ફરીથી ત્રીજી નરકે ગયો. ત્યારપછી સર્પ થઇને બીજી નરકે ગયો. ત્યાંથી બીજીવાર સર્પ થઇને ફરીથી બીજી નરકે ગયો. ત્યારપછી મત્સ્ય થઇને

[1] સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવતા લવસત્તમ કહેવાય છે. [2] તંદુલમત્સ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલી નરકે ગયો. ત્યાંથી [1]વિકલેંદ્રિય પક્ષી થયો, ત્યાંથી હીન ઇંદ્રિયવાળો તિર્યંચ થયો, પછી નીચ જાતિનો મનુષ્ય થયો. પછી દેવ થઈ, મનુષ્ય થઇને પાછો નારકી થયો. આ પ્રમાણે લાંબા કાળસુધી તે રાજાનો જીવ સેંકડો ભવોમાં ભટક્યો, અને વિવિધ પ્રકારની યોનિમાં ઉત્પન્ન થયેલા અત્યંત પરાભવના આશ્રયરૂપ થયો. બંધન, વ્યથા અને વધ વિગેરેના કરોડો કષ્ટોથી વ્યાકુળ થયેલો તે દરેક ભવે વ્યાપત્તિના સ્થાનરૂપ મૃત્યુને પામ્યો. આ પ્રમાણે સંસારમાં અતિ ગહન આપત્તિઓને સહન કરતાં તેણે ઘણી ઉત્સર્પિણી અને અવસર્પિણી નિર્ગમન કરી. પછી અકામનિર્જરાવડે ક્ષીણ કર્મવાળો થયેલો તે **વસંતપુરમાં સિંહદત્ત** નામના ગૃહસ્થનો પુત્ર થયો. ત્યાં યુવાવસ્થામાં તાપસ થઇને દુસ્તપ તપસ્યા કરી અજ્ઞાન કષ્ટના ફળરૂપ તમારા પુત્રપણાને પામ્યો. આ કુમારે સાધુના ઘાતથી અને જિનપ્રવચનના દ્વેષથી ઉત્પન્ન થયેલા પાપને તે તે પ્રકારના કરોડો દુઃખો ભોગવીને ઘણું તો ક્ષીણ કર્યું છે છતાં તેમાંથી કાંઇક અવશિષ્ટ રહેલા પાપને લીધે આ તમારો પુત્ર વ્યાધિસમૂહનાં પાત્રરૂપ થયો છે. ”

આ પ્રમાણે દુઃખથી સાંભળી શકાય એવી મુનિની વાણી સાંભળીને ચકિત થયેલો રાજા કંપવા લાગ્યો. તે વખતે વિક્રમ કુમારને જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે બોલ્યો કે—“ હે પ્રભુ ! પહેલાં મોહરૂપી અંધકારથી હણાયેલો હું વિવેકરૂપી દીપક ન પામવાથી માર્ગ ભૂલીને કષ્ટરૂપી મહાસાગરમાં પડ્યો હતો. તે કષ્ટરૂપી મહાસાગરના પ્રચંડ કલ્લોલોથી આમ તેમ તાડના પામેલો હું દૈવયોગે તેના કાંઠા પાસે આવ્યો છું; પરંતુ વ્યાધિરૂપી કાદવમાં ખુંચી ગયો છું, માટે હે જગદ્ગુરૂ ! મને નિરાધારને આપ હસ્તનું અવલંબન આપો, હે સ્વામી ! મને આ પંકમાંથી ખેંચી કાઢો, અને હે નિઃસ્પૃહ ! મારા પર દયા કરો. ” તે સાંભળીને કેવળી ભગવાને સમકિતરૂપી એક ગુણમાં પરોવેલા બારવ્રત રૂપી જેમાં ભૂષણો છે એવા શ્રાવક ધર્મરૂપી હસ્તને વિસ્તાર્યો. એટલે તેજ વખતે હર્ષના રોમાંચિતથી વ્યાપ્ત અને હર્ષાશ્રુના બિંદુઓથી મિશ્ર દૃષ્ટિવાળા વિક્રમ કુમારે વિધિપ્રમાણે શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો. રાજા પણ ભદ્ર પરિણામી થયો. પછી રાજા તથા કુમાર મુનિને નમસ્કાર કરી નગરમાં ગયા અને બોધિરૂપી અમૃતના સાગરભૂત મુનિરાજ પૃથ્વીપર વિચરવા લાગ્યા.

ધર્મવૃક્ષના મૂળરૂપ જે સમકિત તેના રસના આસ્વાદનમાં આદર કરનાર વિક્રમ કુમાર જેના પાપરૂપી કંદ છેદાઇ ગયા છે, એવા વ્યાધિઓથી અનુક્રમે તદ્દન મુક્ત થયો. તેથી જેને નવું લાવણ્ય ઉલ્લાસ પામ્યું છે, અને જેને સર્વ અંગ-

૧ ઇંદ્રિયોની વિકળતાવાળો-જાતે વિકળેંદ્રિય-નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પવિત્ર સુંદરતા ઉત્પન્ન થઇ છે, એવો તે કુમાર ધર્મના અલંકાર જેવો થયો, અને મુક્તિનો પણ [1]મનોરમ થયો.

એકદા રાત્રિને છેલ્લે પહોરે પેલા ધનંજય યક્ષે પ્રત્યક્ષ થઇને કુમારને કહ્યું કે–' મારી શક્તિથી તારૂં શરીર નિરોગી થયું છે માટે મને સો પાડાનું બળિદાન આપ ' ત્યારે વિક્રમે તેને કહ્યું કે–' હે યક્ષ ! તું પાડા માગતાં શરમાતો નથી ? મારૂં અંગ તો મુનિએ બતાવેલા ધર્મરૂપી ઔષધવડે નિરોગી થયું છે. હે યક્ષ ! મહા કષ્ટથી ઉપાર્જન કરેલા અને જેની પ્રતીતિ પ્રત્યક્ષ દીઠેલી છે એવા ધર્મરૂપ ઓષધને જીવહિંસારૂપી પાપના સમુદ્રમાં કયો વિદ્વાન પુરૂષ નાંખી દે ! " તે સાંભળીને યક્ષ બોલ્યો કે–' હે કુમાર ! તું મારો યશ બીજાને આપી દે છે, તેથી હું તને એવું કરીશ કે જેથી તું અતિ પશ્ચાત્તાપ પામીશ. ' એમ કહીને તે યક્ષરાજ અદૃષ્ટ થયો, અને પ્રવિણ પુરૂષોમાં મુકુટસમાન વિક્રમકુમાર મનની આકુળતા વિના જ ધર્મકર્મમાં પ્રવર્ત્યો. એકદા વિક્રમ કુમાર **અમરનિકેત** નામના ઉદ્યાનની લક્ષ્મીના મુકુટ સમાન જિનચૈત્યને વિષે જિનેશ્વરના કલ્યાણકનો ઉત્સવ કરવા માટે ગયો. ત્યાં સ્નાત્ર, વિલેપન, પૂજા, નાટ્ય અને સ્તુતિ વિગેરેના ઉત્સવપૂર્વક જિનચંદ્રની ભક્તિ કરીને તે કુમાર જેવો પાછો વળે છે તેવામાં પેલા ધનંજય યક્ષે જિનેશ્વરના ક્રીડોદ્યાનનેવિષે જ તે કુમારનું સમગ્ર સૈન્ય ભયથી વ્યગ્ર કરી સ્તંભિત કરી દીધું. પછી તે યક્ષે માયાવડે કરોડો યમરાજ, અગ્નિ, રાક્ષસ અને અંધકારવડે જાણે બનાવી હોય તેવી અને દેવોની ગતિને પણ રોકનારી મોટી મૂર્ત્તિ વિકુર્વીને ક્રોધથી પુષ્ટ થયેલી ભયંકર મેઘની ગર્જના જેવી વાણીવડે તિરસ્કારપૂર્વક આ પ્રમાણે રાજકુમારને કહ્યું કે–" હે અધમ મનુષ્ય ! કેમ તું મને પાડા આપતો નથી ? આ તારા આયુષ્યરૂપી કાંડ (થડ)ને અકાળે જ કેમ સમાપ્ત કરે છે ? " તે સાંભળીને હાસ્યવડે અધરોષ્ઠને ઉજ્વળ કરતો કુમાર બોલ્યો કે–" હે યક્ષ ! હું મારા આત્માને પ્રાણીઘાતના પાપમાં નાંખીશ નહીં. ઘણી રીતે રક્ષણ કર્યા છતાં પણ કોઇના પ્રાણ સ્થિર રહેતા નથી, તેથી કાર્યાકાર્યને જાણનાર કયો પુરૂષ તેવા અસ્થિર પ્રાણને માટે અકાર્ય કરે ? " તે સાંભળીને ક્રોધ પામેલા યક્ષે વિક્રમકુમારને પગે પકડીને ઉંચો કર્યો અને સમુદ્ર જેમ તરંગોને સમીપના પર્વતપર અફળાવે તેમ તેને અફળાવ્યો. તેથી કુમાર મૂર્છા પામ્યો. પછી તે કુમારને મૂર્છાથી મુક્ત કરીને યક્ષે ક્રોધાન્ધ થઇ ફરીથી કહ્યું કે–" અરે ! કેમ હજુ તું અદેયની જેમ મારૂં દેણું મને આપતો નથી ? જો તું જીવોને વિષે દયા રાખતો હો, તો ધર્મને પ્રગટ કરવામાં

---

૧ મનને આનંદ પમાડનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણભૂત આ તારો જીવ મારાથી હણાય છે તેનાપર તું કેમ દયા કરતો નથી ? ” તે સાંભળીને ધર્મના આધારરૂપ સાહસિક કુમાર બોલ્યો કે— “ હે યક્ષ ! ધર્મને જાણનારો કયો પુરૂષ પોતાના એક જીવને માટે સો જીવનો નાશ કરે ? વળી હે યક્ષ ! તને ધિક્કાર છે, કે જેથી લાખો જીવના ઘાતવડે આ ભવમાં દુર્ગંધવાળું સ્થાન પામ્યો છે અને પરભવમાં નરકની પીડા પામનારો છું. હિંસાનું ફળ એજ છે. વળી તું તારા પૂર્વભવનું સ્મરણ કર. તું ધર્મથી જ દેવપણું પામ્યો છે. તો જ્ઞાનવાન છતાં પણ તને પાપને વિષે આનંદ કેમ ઉત્પન્ન થાય છે ? માટે હે યક્ષ ! તારે પણ પુણ્યના પરિણામરૂપ અને જગતનો ઉલ્લાસ કરવામાં હેતુરૂપ નમસ્કારાદિવડે જ આનંદ પામવો યોગ્ય છે. ( પણ જીવઘાતથી આનંદ પામવો યોગ્ય નથી. ) ” આ પ્રમાણે અનેક પ્રકારની યુક્તિવાળી કુમારની વાણીથી તે યક્ષનું મન ભેદાયું, એટલે તે બોલ્યો કે–“ હે કુમાર ! તેં મને પ્રતિબોધ કર્યો તે બહુ સારૂં કર્યું. આજથી હું પાપને યોગ્ય એવા પ્રાણીવધવડે આનંદ પામીશ નહીં. અને માણસો માત્ર મને પ્રણામ કરશે, તેનાથી જ હું પ્રસન્ન થઈશ. માટે હે નિર્મળ ચિત્તવાળા કુમાર ! તું પણ મને પ્રણામ કર. તેથી જ હું સઘળું સંપૂર્ણ માનીશ. ” કુમારે કહ્યું કે–“ હે યક્ષ ! નમસ્કારના પાંચ પ્રકાર છે. પ્રહાસ નમસ્કાર, વિનય નમસ્કાર, પ્રેમ નમસ્કાર, પ્રભુ નમસ્કાર અને ભાવ નમસ્કાર. તેમાં ચિત્તને વિષે મત્સર ધરાવનારા સત્ક્રિયાવાળા પુરૂષો જે દેવાદિકની વિક્રિયાને જાણતાં છતાં પણ તેમને પ્રણામ કરે છે, તે પ્રહાસ પ્રણામ કહેવાય છે. ૧. પુત્ર વિગેરે વિનયથી પિતા વિગેરેને જે પ્રણામ કરે છે, તેને નીતિજ્ઞ પંડિતો વિનય પ્રણામ કહે છે. ૨. પ્રેમવાળાઓ જે પરસ્પર પ્રણામ કરે છે, તેને પ્રેમ પ્રણામ કહે છે; જ્યારે મિત્રાદિક પ્રેમથી કોપે છે, ત્યારે તેમને પ્રસન્ન કરવા માટે આ પ્રણામ કરવામાં આવે છે. ૩. સન્માન, માન અને લક્ષ્મીનું દાન કરવાથી સુશોભિત એવા સ્વામીને જે [1]ઐહિક પ્રણામ કરવામાં આવે છે, તે પ્રભુ પ્રણામ ( સ્વામી નમસ્કાર ) કહેવાય છે. ૪. તથા સદ્ગુરૂને અને વીતરાગ દેવને જે નમસ્કાર કરવામાં આવે છે, તેને પંડિત પુરૂષો ભાવપ્રણામ ( નમસ્કાર ) કહે છે. ૫. માટે હે યક્ષ ! વિચાર કર કે તું આ નમસ્કારોમાંથી કયા નમસ્કારને યોગ્ય છે ? ” આ પ્રમાણે કુમારની વાણી સાંભળીને ધનંજય યક્ષ બોલ્યો કે—“ હે કુમાર ! તું મને ભાવ નમસ્કાર કર. કારણ કે હું આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કારણરૂપ દેવ છું. વળી સંસારસમુદ્રને તારવામાટે જેમની વિભૂતિઓ વહાણરૂપ કહેવાય છે, એવા સર્વ દર્શનોના દેવતાઓ મારા જ અંશરૂપ છે. હે વિક્રમ

૧ આ લોકમાં હિતકારક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમાર ! મને માત્ર નમસ્કાર કરવાથી જ ન ઓળંગી શકાય એવો આ સંસાર-રૂપી સમુદ્ર તને એક પગલાથી જ ઓળંગવા લાયક થશે." તે સાંભળીને હાસ્ય-વડે જેનું મુખ વ્યાપ્ત થયું છે એવો રાજપુત્ર બોલ્યો કે કે–"હે યક્ષ ! મેં તને ²ક્રિયાપાપમાંથી તો બચાવ્યો છે, પણ હવે તું વાણીના પાપમાં ન પડ. કારણકે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર છે કે નથી ? તે જ તું સારી રીતે જાણતો નથી, છતાં તેની ઉત્પત્યાદિકમાં પોતાને સમર્થ માને છે. વળી જેઓના અંગની કાંતિથી જ તારી દૃષ્ટિ તત્કાળ લુપ્ત થઇ જાય એવા દેવેંદ્રોથી પણ સ્તુતિ કરાયેલા દર્શનના દેવતાઓને તું પોતાના અંશો છે એમ કહે છે તે મિથ્યા છે. તું પોતે જ ચપળતાને લીધે આ ભવસાગરમાં એક મત્સ્ય જેવો દેખાય છે; તો તને નમસ્કાર કરવાથી જ મારો તે ભવસાગરથી ઉદ્ધાર થઇ જશે એમ તું શી રીતે કહી શકે છે ? માટે તું નિષ્ફળ વચનથી મિથ્યા પાપ ન કર. આ ભવમાં મારો ભાવ નમસ્કાર જિનેશ્વર વિના બીજા કોઇને થવાનો નથી." આ પ્રમાણે તે રાજપુત્રે કહ્યું ત્યારે તે યક્ષરાજે વિવેકથી નિર્મળ થયેલી વાણીને આ પ્રમાણે જાગૃત કરી. અર્થાત્ તે બોલ્યો—"હે રાજપુત્ર ! તારા જેવો અનુપમ આકૃતિવાળો, ધીર, ધર્મીષ્ઠ અને વાચાળ કોઇપણ પુરૂષ કયાંઇ પણ દેખાતો નથી. તારા વચનથી પરાજય પામ્યો છું, તેથી હું તારો કિંકર છું, તથા શુદ્ધ ધર્મનો ઉપદેશ આપવાથી તું મારો ગુરૂ થયો છે. મને તારા દાસને રહેવા માટે તારા ચિત્તનો એક ખુણો આપ, કે જેથી તારો શિષ્ય થયેલો હું કદાચ તેમાં રહેલી ગુણશ્રેણીને જાણી શકું. હે વિભુ ! હું મારા ચિત્તને તારાથી જૂદું (વિયોગી) નહીં કરૂં. કારણ કે તેમ રહેવાથી આ મારૂં મન તમે કરેલા જિન પૂજાના ઉત્સવને જાણી શકશે. હે સ્વામી ! કોઈ વખત મોટા સંકટ વખતે તમારે મને યાદ કરવો. કારણ કે સેવકોને સ્વામીમાટે તેજ મોટો અવસર છે." આ પ્રમાણે કહીને કુમારની રજા લઇ તેના વિચિત્ર ચરિત્રથી ચમત્કાર પામેલો યક્ષ પોતાને આશ્રમે ગયો.

પ્રાતઃકાળે તે વૃત્તાંતની ખબર પડતાં રાજા તત્કાળ કુમારની પાસે આવ્યો, અને કુમારને હર્ષથી આલિંગન કરીને ઉગતા સૂર્યના કિરણો જેવા કુંકુમ મિશ્રિત જળની શોભાથી રમણીય કરેલી પૃથ્વીપર થઇને તેને નગરીમાં લઇ ગયો. દરેક માર્ગે પૌરજનોની સ્ત્રીઓની નેત્રોરૂપી કમળના તોરણોવાળી પૂરીમાં રાજાએ ઉત્સવપૂર્વક કુમારને પ્રવેશ કરાવ્યો. પછી કેટલેક કાળે વિક્રમકુમારઉપર રાજ્યનો ભાર મૂકી રાજા મરણ પામ્યો. અનિત્ય ભાવનાના ધ્યાનરૂપી અમૃત સાગ-

૨ ક્રિયાથી–કાયાના વ્યાપારથી થતા પાપમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રના તરંગોમાં નિમજ્જન કરનારા વિક્રમરાજાએ અનુક્રમે પિતાના શોકરૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલા તાપનો ત્યાગ કર્યો અને પિતાના શોકરૂપી વિશેષ પ્રકારના અગ્નિથી નિર્મળ થયેલા વિવેકને સુવર્ણની જેમ હૃદયનો અલંકાર કર્યો. પછી ન્યાયરૂપી કલ્પવૃક્ષના ઉદ્યાનની છાયામાં બેસીને તે રાજાએ જિનેંદ્રના ચૈત્યોરૂપી આભૂષણવડે પૃથ્વીને સર્વાંગે વિભૂષિત કરી. આ વિક્રમરાજાના સમયમાં સમગ્ર ભૂતળ સાત વ્યસનોથી રહિત અને સુકૃતના ઉદ્યમવાળું થયું. કહેવત છે કે 'જેવો રાજા તેવી પ્રજા.'

એકદા સંનિપાતની જેવો પ્રચંડ કલિંગ દેશનો રાજા **યમ** વિક્રમરાજાનો દેશ ભાંગવા માટે અકસ્માત્ ચઢી આવ્યો. કોઇક દેવતાના પ્રબળ પ્રભાવથી અદ્ભુત બળવાળા પણ હરણ જેવા યમરાજાએ સિંહ જેવા વિક્રમરાજા ઉપર ચડાઇ લાવવાનો વિચાર અમલમાં મૂક્યો. તે વખતે સૈન્યની ધૂળવડે સૂર્યમંડળના તેજને ઢાંકી દેતો વિક્રમરાજા તેની સામે યુદ્ધ કરવા નીકળ્યો. જેમના પ્રચંડ પરાક્રમના કાર્યો જાગૃત છે એવા યમ અને વિક્રમના વીર સુભટોરૂપી સિંહોનો સંહાર કરનારૂં યુદ્ધ પ્રવર્ત્યું. દેવના પ્રભાવથી જેનામાં બળની સંક્રાંતિ થઇ છે એવા યમ રાજાએ થોડા વખતમાં વિક્રમ રાજાનાં પ્રચંડ સૈન્યને જીતી લીધું, અને તેને મહા સંકટમાં નાંખ્યો. તે વખતે વિક્રમ રાજાએ ધનંજય યક્ષનું માત્ર સ્મરણ જ કર્યું, તેટલામાં તે યક્ષે યમરાજાના હાથ બાંધીને તેને વિક્રમ રાજાના ચરણમાં ભેટરૂપ કરી વિક્રમ રાજાને પ્રણામ કર્યો. શત્રુને નિષ્ફળ ઉદ્યમવાળો અને દીન મુખવાળો જોઇને અતિ કૃપાળુ વિક્રમરાજાએ તેને બંધનથી મુક્ત કરાવ્યો, અને તેના દેશમાં પાછા જવાની આજ્ઞા આપી. પછી અક્ષત મૈત્રીવાળા તે યક્ષનું વિક્રમે સન્માન કર્યું, તેને પ્રણામ કર્યા અને તેની રજા લઇને વિક્રમરાજા પોતાના પૂર તરફ ચાલ્યો. કીર્તિરૂપી આભૂષણવાળા વિક્રમરાજાએ માંગલિક શણગારથી મનોહર બનેલી પૂરીમાં પ્રવેશ કર્યો. વિક્રમરાજાના રાજ્યમાં સુરાજ્યની સંપત્તિથી શોભતા પૌરજનો હંમેશાં મોટા મોટા ઉત્સવો કરીને સ્વર્ગમાંથી દેવતાઓને પણ પૃથ્વીપર લાવવા લાગ્યા.

એકદા વિક્રમરાજા અશ્વ ક્રીડા માટે પુરબહાર ઉદ્યાનમાં જતો હતો, તે વખતે માર્ગમાં ઉત્સવવડે મત્ત થયેલા ઘણા લોકોવાળું એક ઘર તેણે જોયું. પછી તે રાજા અશ્વક્રીડા કરીને પાછો વળ્યો, તે વખતે તેજ ઘર અત્યંત શોકના આક્રંદવાળું જોયું. તેથી વિસ્મયવડે વ્યાકુળ થયેલા રાજાએ પોતાના એક અનુચરને બોલાવીને તે ઘર પ્રથમ ઉત્સવમય અને પછીથી શોકમય થવાનું કારણ પૂછ્યું, ત્યારે તે અનુચરે તેનું કારણ જાણીને કહ્યું કે—"હે સ્વામી! આ ઘરવાળા મોટા ગૃહસ્થને એકે પુત્ર નહોતો, તેને ગઇકાલે અંધ પુરૂષને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રષ્ટિ પ્રાપ્ત થાય તેમ પુત્રની પ્રાપ્તિ થઈ હતી. આપ અશ્વક્રીડા કરવા માટે અહીંથી જતા હતા, તે વખતે આ ઘરમાં પુત્રોત્પત્તિ નિમિત્ત મહોત્સવ થતો હતો, તે આપે જોયો હતો. અત્યારે દૈવયોગે તે પુત્ર મરણ પામ્યો, અને તેના વિયોગની પીડાથી તેનો પિતા પણ મરણ પામ્યો. તેથી પુત્રજન્મના ઉત્સવનિમિત્તે આવેલા તેના કુટુંબના સર્વ જનો બમણા દુઃખમાં આવી પડ્યા, તેથી તેઓ આક્રંદ કરે છે." તે સાંભળીને સંસારનાટકના કુટિલપણાને લીધે રોમાંચિત શરીરવાળો રાજા વ્યાકુળતારહિત સ્થિર ચિત્તે વિચાર કરવા લાગ્યો કે–" આ સંસારની વિચિત્રતાને પંડિતો પણ જાણી શકે તેમ નથી. કારણકે મનુષ્યો કાંઇક ચિંતવે છે, અને પરિણામ તેથી ઉલટું જ થાય છે. અહો ! ગ્રીષ્મ ઋતુના તાપથી પીડાયેલો મનુષ્ય વિશ્રાંતિને માટે વૃક્ષની છાયામાં આવે છે, પણ તેનો દૈવ વિપરીત હોય છે તો વૃક્ષના કોટરમાં રહેલો મોટો સર્પ તેને ડસે છે. અહો ! કોઇ પુરૂષ શત્રુને વિદારણ ( નાશ ) કરવાનાં કારણરૂપ શસ્ત્ર ધારણ કરે છે, પરંતુ દૈવયોગે તેજ શત્રુવડે પોતાના જ શસ્ત્રથી પોતે હણાય છે. કદાચ કોઇ પુરૂષ પોતાના મનોરથ પ્રમાણે ફળને પામે છે, તો તે પણ મહા વિટંબણાની જાળમાં તેને નાંખવામાટે પ્રથમ વિશ્વાસ ઉપજાવવા સારૂ જ હોય છે. ' હું એકાંત દુઃખને જ આપનાર છું, એમ જાણી લોકો વૈરાગ્ય પામીને મુક્તિને માટે ન દોડો. ' એમ ધારીને આ સંસાર ક્વચિત્ સુખના લેશને પણ આપે છે. આ સંસારમાં જે સુખની પ્રાપ્તિ છે, તે મનુષ્યને પરિણામે દુઃખદાયક જ છે, તેથી તે સુખપ્રાપ્તિને મત્સ્યના ગળામાં પેઠેલા યંત્ર ( શૂળી ) પર રહેલા માંસના કવળની ઉપમા જ ઘટે છે. લોકો આ મનને ચપળ કેમ કહેતા હશે ? કારણકે તે ( મન ) તો સંસારના પદાર્થોને વિષે જાણે વજ્રલેપથી ચોંટેલું હોય, તેવું અતિ નિશ્ચળ જણાય છે. માટે હું તો જે તીર્થંકરો લોકાકાશને અલોકાકાશમાં ક્ષેપવાને પણ સમર્થ છે, તેમના આશ્રયના સામર્થ્યથી મારા ચિત્તને સંસારના પદાર્થોમાંથી ખેંચી લઉં." આ પ્રમાણે વિચાર કરતો વિક્રમરાજા શીઘ્રતાથી પોતાના મહેલમાં ગયો, અને **ચંદ્રસેન** નામના પોતાના પુત્રને રાજ્ય સોંપી વ્રત ગ્રહણ કરવા ઉત્સુક થયો. તે વખતે જ્ઞાનવડે તેના ભાવને જાણીને સ્વભાવથી જ કરૂણાના નિધિસમાન સદ્ગુરૂ કેવળી ભગવાન તે પુરમાં પધાર્યા. તેમના આગમનની વધામણી આપનાર ઉદ્યાનપાળકને ઇનામ આપવાવડે સંતોષ પમાડી હર્ષથી વિકાસ પામેલો વિક્રમરાજા ઉદ્યાનમાં ગયો. ચિરકાળના અનુરાગ ( પ્રીતિ ) થી બંધાયેલી શ્રદ્ધારૂપ સ્ત્રીને જાણે પરણતો હોય તેમ તે રાજાએ કર્મરૂપી ઇંધનના અગ્નિસમાન ગુરૂની ત્રણ પ્રદક્ષિણા કરી. પછી ગુરૂને નમીને રાજા યોગ્ય આસનપર બેઠો અને ગુરૂની વાણીવૃષ્ટિને ઝીલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં ચાતકપક્ષી સમાન શોભવા લાગ્યો. પછી ચારિત્રને માટે મુનીંદ્રને વિનંતિ કરીને તે રાજા તીર્થની પ્રભાવના કરવા માટે પાછો નગરમાં ગયો. પછી ધનંજય યક્ષે કરેલા સાંનિધ્યથી, સુર અસુરને ચમત્કાર ઉપજાવે તેવા ઉદાર મહોત્સવ સહિત, યક્ષરાજે કરેલી પ્રભાવનાથી જિનશાસનને સુકૃતવાળા અન્ય ધર્મીઓને પણ સ્તુતિ કરવા લાયક કરતો રાજા સિદ્ધિ રૂપી સ્ત્રીને લોભ ઉપજાવે તેવું રૂપ ધારણ કરીને ગુરૂ પાસે ગયો. અને સંસારના મસ્તકમાં શૂલ ઉત્પન્ન કરનાર, તથા જ્ઞાનરૂપી વૃક્ષના મૂળ સમાન ચારિત્રને ગ્રહણ કર્યું. પછી મનુષ્યમાં ચંદ્રસમાન ચંદ્રસેન રાજા તેમને નમીને નગરમાં ગયો, અને વિક્રમ રાજર્ષિએ ગુરૂની સાથે પૃથ્વીપર વિહાર કર્યો. શ્રદ્ધાપૂર્વક શુદ્ધ તપસ્યા કરીને, શુદ્ધ સિદ્ધાંતનો અભ્યાસ કરીને તથા પૃથ્વીપરના અનેક પ્રાણીઓને પ્રતિબોધ કરીને છેવટે કેવળજ્ઞાન પામી તે રાજર્ષિ મોક્ષપદને પામ્યા. આ પ્રમાણે અન્ય જીવોએ પણ વિક્રમરાજાની જેમ તત્ત્વથી સમકિતને ધારણ કરવું, કે જેથી તત્કાળ બન્ને લોકના ભયથી મુક્ત થઇ શકાય.

॥ इति सम्यक्त्वे विक्रमराजकथा ॥

# ચાલુ પરિસ્થિતિપર પ્રકીર્ણ વિચારો.

( ૩ )

હવે કોન્ફરન્સના બંધારણમાં કેવા પ્રકારના ફેરફારો કરવાની આવશ્યકતા અનુભવ ઉપરથી જણાઇ છે તે બાબતનો વિચાર કરીએ. આપણે દશ વરસથી કોન્ફરન્સની હીલચાલ શરૂ કરી છે અને તેમાં તેના સાત અધિવેશનો થયાં છે તે દરમીઆન બંધારણમાં જે જે ખામીઓ જણાઇ હોય તે ઉપરથી તેમાં ઘટતો ફેરફાર કરી તે સંસ્થા વધારેમાં વધારે હિત કરી શકે અને બહુ અસરકારક રીતે કામ બજાવી શકે તેવા સુધારાઓ કરવાના તબક્કાપર તે હવે આવી પહોંચી છે. જે સુધારાઓ સૂચવાય તે અનુભવથી જણાયેલ અગવડો દૂર કરનાર હોવા જોઇએ જેથી વ્યવહારૂ રીતે જે ખામીઓ જણાઇ હોય તેનો પ્રતીકાર થાય. સારા નશીબે કોન્ફરન્સના આંતર શરીરનું બંધારણ એવું રચાયલું છે કે તેમાં વખતો વખત ઘટતા સુધારા કરી શકાય.

સર્વથી પ્રથમ તો કોન્ફરન્સનું બંધારણ જે ભાવનગરના અધિવેશન વખતે રચવામાં આવ્યું છે તેમાં ઘટતો ફેરફાર કરવો ઉચિત છે. તેમાં મુખ્ય નિયમ એ સચવાવો જોઇએ કે કોન્ફરન્સના જનરલ સેક્રેટરીઓ જે અત્યારસુધી દરેક કોન્ફ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્સમાં રિપોર્ટ આપનાર તરીકે કાર્ય બજાવે છે તેને બદલે એવી વ્યવસ્થા થવી જોઇએ કે તેઓ પાસે દરેક પ્રાંત અને શહેરના આખા વરસના કાર્યના રિપોર્ટો આવે. અત્યારે જનરલ સેક્રેટરીને આખા વિભાગ ઉપર નજર રાખવી પડે છે અને તેથી કામ સરવાળે જરૂરીઆતના પ્રમાણમાં બહુ ઓછું થાય છે. આને બદલે દરેક જીલ્લા માટે પ્રાંતિક સેક્રેટરી નીમી દેવા જોઇએ અને તેના હાથ નીચે દરેક શહેરમાં લોકલ સેક્રેટરી નીમવા જોઇએ. આ લોકલ સેક્રેટરીઓએ પોતાના શહેરમાં પૈસા એકઠા કરી લાઇબ્રેરીઓ કરવી, કોન્ફરન્સના હેતુ પાર પડે એવા સુધારા કરાવવા અને જરૂરીઆતના પ્રમાણમાં પ્રાંતિક સેક્રેટરીની મારફત વડી ઓફીસને સર્વ હીલચાલથી વાકેફ રાખવી; ધનસંબંધી મદદ માગવી અને કરવી. આ સર્વ અમુક શહેરની સ્થિતિ, સંયોગ અને બીજી હકીકત લક્ષ્યમાં લઇને કરવું અને એ સર્વ કાર્યનો રીપોર્ટ વરસની આખર થતાં પહેલાં થોડા વખતે પ્રાંતિક સેક્રેટરીઓને કરવો. જેઓ તે રિપોર્ટોનો સંગ્રહ પોતાના જુદા રિપોર્ટ સાથે જનરલ સેક્રેટરીને મોકલી આપે. આવા પ્રકારની વ્યવસ્થા કરવાથી કામની વહેંચણી બહુ સારી રીતે થશે અને સ્થાનિક સેક્રેટરીઓ પોતપોતાના શહેરમાં સ્થાનિક બોર્ડ બનાવી તેમાં આગળ પડનારા બંધુઓને એકઠા કરી કાર્ય પ્રનાલિકા મુકરર કરશે. તેથી દરેક માણસને માથે યોગ્ય જવાબદારી રહેવા ઉપરાંત કોન્ફરન્સના કાર્યમાં રસ પડશે અને તેથી અત્યારે કોન્ફરન્સ ઓફીસને કેન્દ્ર ગણવામાં આવે છે તે સ્થિતિનો અંત આવશે. આ યોજનાથી કોન્ફરન્સ હેડ ઓફિસ જેને હાલ કોઇ પણ નવિન કાર્યનું કેન્દ્રસ્થાન ગણવામાં આવેછે તેને બદલે સર્વ કાર્યક્રમનું અંતિમ સાધ્યબિંદુ તેને ગણવામાં આવશે અને એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે પછી કોન્ફરન્સથી ખરચના પ્રમાણમાં લાભ થતો નથી એવી જે ફરિયાદ વ્યાજબી કે ગેરવ્યાજબી રીતે કરવામાં આવે છે અને જે વાંધાની ચર્ચા આપણે ગત અંકમાં કરી ગયા છીએ તેનું કારણ પણ રહેશે નહિ. કારણકે પછી એક મધ્યબિંદુથી થતા કાર્યને બદલે દરેકે દરેક શહેર કાર્ય કરવા મંડી જશે તેથી સારી અસર વધવા સાથે કાર્યનો સરવાળો અને જાતિ પણ વિશિષ્ટ થશે એ નિઃસંદેહ હકીકત છે.

બંધારણના સંબંધમાં આ ઉપરથી મુખ્ય નિયમ એ સચવાવો જોઇએ કે કોન્ફરન્સના સેક્રેટરીઓને રિપોર્ટ આપનારને બદલે રિપોર્ટ લેનારની સ્થિતિમાં મૂકવા જોઇએ. અત્યારે તો એમ થાય છે કે કોન્ફરન્સના અધિવેશનના દિવસોમાં સમગ્ર જૈન પ્રજા જે જાગૃતિ બતાવે છે તેનો મોટો ભાગ આખા વરસમાં અદૃશ્યરૂપે થઈ જાય છે અને તે સર્વ વ્યક્તિઓ સેક્રેટરી તરફથી શું થાય છે તેની તરફ નજર રાખે છે અને તેઓમાં ખામી આવે છે તે પર ટીકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. જવાબદારીના આ વિચિત્ર ખ્યાલને લઇને આખા વરસ દરમ્યાન એક વ્યક્તિ તરીકે કદાચ સેક્રેટરીઓ સારૂં કામ બતાવી શકે પણ સમષ્ટિ તરીકે જૈન કોમ વધારે કામ કરી શકે, તેવી સ્થિતિમાં મૂકાયલી હોવા છતાં કાર્યવ્યવસ્થાની વિચારણાની ખામીને લઇને પછાત રહે છે. તેટલા માટે બંધારણમાં આ વિગત પ્રમાણે સુધારો આવશ્યક માનવામાં આવે છે. ભાવનગરના અધિવેશન વખતે જે બંધારણ રચ્યું છે તેમાં આ સર્વ સુધારાનાં બીજો દર્શાવાઈ ગયાં છે, પણ તે બીજોને હજુ વ્યવહારૂ આકારમાં મૂકવામાં આવ્યા નથી. એને અંગે ખાસ લક્ષ્યમાં રાખવાનું એ છે કે એ સુધારો ખ્યાલી કે કાગળ ઉપર શોભે તેવો છે એમ જરા પણ નથી, માત્ર બરાબર કામ પર લાગી જનાર-આત્મભોગ આપનાર થોડી વ્યક્તિઓ નીકળી આવે તો બહુ સારી રીતે અમલમાં આવી શકે તેવો તે માર્ગદર્શક સુધારો છે અને કોન્ફરન્સની અત્યારે જે દશા થઇ છે તે જો ઉપરોક્ત સુધારાને અને સાથે હવે પછી ચર્ચવાના સેંટ્રલ કમીટીના ઠરાવને બરાબર અમલમાં મૂક્યો હોત તો કદિ થાત નહિ એમ કહેવામાં જરા પણ ધૃષ્ટતા લાગતી નથી. આ સુધારાના અથવા બંધારણના નિયમનો અમલ થવાથી દરેક શહેરમાં અને પ્રાંતમાં એક કોન્ફરન્સ તરફ ચુસ્ત લાગણી ધરાવનાર વર્ગ ઉભો થાય છે જે આખા વરસ દરમ્યાન કોન્ફરન્સના કાર્યને જવલંત રાખ્યા કરે છે અને કોન્ફરન્સના કાર્યવાહકો જરા મંદ પડી જાય તો તેઓને પણ જાગ્રત રાખ્યા કરે છે. અત્યારે સર્વ વ્યક્તિઓ હેડ ઓફિસને કેંદ્ર બનાવી ત્યાંના અમુક કાર્યવાહકો અથવા ખાસ કરીને જનરલ સેક્રેટરીઓ ઉપર નજર રાખ્યા કરે છે એ સ્થિતિ ઘણી રીતે પસંદ કરવા લાયક નથી. તેટલા માટે બંધારણ એવા પ્રકારે રચવું જોઇએ કે તે કદિ પણ કેંદ્રાપગામી ન હોય અને તેમાં સર્વ અથવા ઘણી વ્યક્તિઓ સીધી અથવા આડકતરી રીતે રસ લઇ શકતી હોય. એ નિયમ પ્રમાણે જો નિર્ણય કરી બંધારણ રચવામાં આવે અને તેમાં નાનામાં નાના ગામડાને પણ ભાગ લેવા માટે આમંત્રણ કરવામાં આવે અને તે સર્વ હકીકત બરાબર ગતિમાં મૂકવા માટે જો વિશુદ્ધ માનસિક બળવાળા સંસ્કારી માણસો થોડો વખતનો ભોગ આપી સ્થાનપર જઈ યોગ્ય રચના કરી આપે તો દશ વીશ વરસમાં જૈન સમાજ અદ્વિતીય કાર્ય કરી સમસ્ત આર્ય પ્રજા ઉપર સરસાઈ મેળવવાની સ્થિતિમાં આવે એમ ગણતરી ગણવાનો પૂર્ણ સંભવ રહે છે. બાકી અત્યારે તો જે સ્થિતિ ચાલે છે તેમાં બહુ ખેદ થયા વિના રહે તેમ નથી. પ્રગતિ તો બાજુ પર રહી પણ છેલ્લા ત્રણ વરસથી આપણે બહુ પાછળ હઠતા જઇએ છીએ, કોમબળ તદ્દન વિશીર્ણ થતું જાય છે અને આપણે એટલા નીચે ઉતરતા જઇએ છીએ કે જો આવી વિશિષ્ટ યોજના અમલમાં મૂકવામાં ઢીલ કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવશે તો કદાચ એવી સ્થિતિએ પહોંચી જશું કે જ્યાંથી ઉપર ઉંચા આવતા અતિ ભીષ્મ પ્રયત્ન કરવો પડે અને તેવો પ્રયત્ન કરનાર પુરૂષો કોમમાંથી તે વખતે મળી પણ ન આવે અને તેને પરિણામે કોમ તદ્દન અંધકારના ખાડામાં ઉતરતાં ઉતરતાં છેવટે નાશને પામી જાય અથવા નાશ જેવી સ્થિતિમાં સબડ્યા કરે.

આ યોજના સાથે જ એક 'કોન્ફરન્સ સેન્ટ્રલ કમીટી' નીમવાની અથવા તે સંબંધમાં ભાવનગર કોન્ફરન્સનો ઠરાવ અમલમાં મૂકવાની ખાસ જરૂર છે. આ સેંટ્રલ કમીટી તે કોન્ફરન્સની એક સ્ટેન્ડીંગ કમીટી સમજવી. એમાં દરેક પ્રાંતના મુદ્દામ પ્રતિનિધિઓની નિમણુક થાય અને તેઓની સંખ્યા સોળથી વીશની જ હોય તો જરૂરને પ્રસંગે આખી કોન્ફરન્સના હિતના સવાલોપર સરક્યુલરથી અને બહુ અગત્યના પ્રસંગે નિર્ણીત જગોપર એકત્ર મળી નિર્ણય કરી શકે. જો વિગતથી પ્રશ્ન કરવામાં આવે અને તેમાં વિશેષ ચર્ચાની જરૂર ન હોય તો જનરલ સેક્રેટરીના સરક્યુલર પર તેઓ અભિપ્રાય આપી શકે પરંતુ કોન્ફરન્સની હિલચાલને અંગે અથવા આખી જૈન કોમને અંગે ખાસ મહત્વનો સવાલ હોય તો તેઓ એકત્ર મળી નિર્ણય આપે. આથી અત્યારે જે અગવડો વારંવાર જનરલ સેક્રેટરીને પડે છે અને તેઓને મુંબઇની એડવાઇઝરી બોર્ડના એક શહેરના વિચારપર કાર્યરેખા અંકિત કરવી પડે છે તે સ્થિતિ દૂર થાય અને જવાબદાર માણસોના આખા દેશના પ્રતિનિધિવર્ગની ઇચ્છાની રૂઇએ જે કામ થાય તેમાં સર્વની સંમતિ મળી જાય. ખાસ કરીને કોન્ફરન્સના અધિવેશનના પ્રમુખની નીમણુકના સંબંધમાં સ્થાનિક રીસેપ્શન કમીટીમાં મતભેદ પડ્યો હોય અથવા કોન્ફરન્સનું અધિવેશન કઇ જગો પર કરવું તેનો નિર્ણય કરવો હોય અથવા શહેનશાહને માનપત્ર કેવા આકારમાં આપવું વિગેરે બહુ જરૂરની બાબત નક્કી કરવી હોય તેવા પ્રસંગમાં સેન્ટ્રલ કમીટીની જરૂરીઆત બહુ રહે છે અને તેના મેંબરોમાં કબૂલ કરાયલા દીર્ઘદ્રષ્ટિવાળા આગેવાનો હોય અને તેઓની સંમતિ અથવા બહુમતીથી કાર્ય થાય એટલે પછી કોઇપણ પ્રકારની ભીતિ કે શંકા રાખવાનું કારણ રહે નહિ. આવા ખાસ મહત્વના પ્રસંગે જ્યારે જનરલ સેક્રેટરીઓને પોતાની શુભ ઇચ્છા અનુસાર કામ કરવું પડે છે ત્યારે તેઓને આક્ષેપનો ભય રહે છે અને હમેશાં નિયમ તરીકે મહત્વની બાબતમાં વિશેષ અભિપ્રાય મેળવી કામ થાય તો બધી રીતે ઠીક જ ગણાય. જ્યારે કામ કરતી વખતે નકામા આક્ષેપનો માથે ભય રહે છે ત્યારે કામ કરવામાં જે પ્રકારની સરળતા અને કાર્યવહન કરવાપણું રહેવું જોઇએ તેવું રહેતું નથી અને મનમાં અવ્યવસ્થિત સંકલ્પ વિકલ્પ થયા કરે છે એ સામાન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમો ધ્યાનમાં લેતાં સેન્ટ્રલ કમીટીની નિમણુકને એક જરૂરીઆતની બાબત તરીકે ધારવામાં આવશે. એના આંતર નિયમો કેવા કરવા, એમાં કેટલી સંખ્યામાં મેંબરો કરવા, એઓએ જરૂર પડચે કઇ જગો પર મળવું વિગેરે ઝીણી વિગતની બાબતમાં અત્યારે આપણે ઉતરવાની જરૂર નથી. પ્રસંગે તે વિગતો પૂર્ણ સંતોષકારક રીતે રજુ કરી શકાશે.

કોન્ફરન્સના બંધારણને અંગે ખાસ મહત્વનો પ્રશ્ન પ્રમુખની નીમણુકનો છે. આ સંબંધમાં અત્યાર સુધીમાં જે નિયમ ચાલ્યો છે તેમાં ફેરફાર કરવાની જરૂર છે. આખી કોમના નાયક થવાને યોગ્ય વિચારબળ ધરાવનાર, આખી પાંચ હજાર વ્યક્તિઓની મંડળીના નાયક તરીકે કામ કરી શકવાની યોગ્યતા ધરાવનાર, પોતાના વિચારો પોતે વાંચી અથવા કહી શકે તેવા ગગજબળવાળાને આ સ્થાન આપવું યોગ્ય ગણાય. તે ધનવાન છે કે નહિ ? એ સવાલ નકામો છે; હોય તો સારૂં, ન હોય તો એ વિચારજ નકામો છે. ધનસંપત્તિ એ કોમના નાયકત્વને અંગે એક અગત્યની બાબત ગણાય કે એક જરૂરીઆત લેખાય એ વિચાર નવીન સંસારવાળાને તો તદન હાસ્યાસ્પદ લાગે છે. કોમના હિતના ઘણા પ્રશ્નોમાં ધનની જરૂરીઆત છે તેથી ધનવાનને પ્રમુખપદ ન આપવું એવું કહેવું નથી પરંતુ અત્યારે ધનને જે પ્રાધાન્ય આપવામાં આવે છે તેને બદલે જ્ઞાનને પ્રાધાન્ય મળવું જોઇએ અને ધનવાનને એની યોગ્યતાનાં પ્રમાણમાં માન મળવું જોઇએ. અત્યારસુધી જે ધોરણે કામ લેવામાં આવ્યું છે તેમાં બહુધા કોન્ફરન્સના કાર્યવાહકોનો વિશિષ્ટ હેતુ હશે એમ આપણે ધારીએ તોપણ હાલ કોન્ફરન્સની જે સ્થિતિ થઇ છે તે પણ આ નિયમને તાબે થવાથી કેટલેક દરજ્જે થયેલી છે એમ માનવાનાં સબળ કારણો છે. એટલા માટે આ બંધારણનો પ્રશ્ન વિચારતાં પ્રમુખની નીમણુક કરતી વખતે તેમની નાયક તરીકે કેટલી યોગ્યતા છે તે હકીકતપર હવે પછી ખાસ ધ્યાન આપવું અને ખાસ કરીને તે સ્થાન માટે સંસ્કારવાન્ કેળવાયલા ગૃહસ્થોની વિશેષ યોગ્યતા સમજવી. કોન્ફરન્સના પ્રમુખ જે નીમાયલા હોય તેજ કોન્ફરન્સની સેંટ્રલ કમીટીના એક વરસસુધી અથવા તો ત્યાર પછી બીજું અધિવેશન થાય ત્યાંસુધી પ્રમુખ ગણાય એવી રચના કરી હોય તો ધારવા પ્રમાણે ઉત્સાહી જનરલ સેક્રેટરીઓ, પ્રાંતિક અને સ્થાનિક સેક્રેટરીઓ અને લોકલ બોર્ડો મળી કોન્ફરન્સના કાર્યને અથવા કોમની ઉન્નતિના કાર્યને આખા વરસ દરમ્યાન પ્રગતિમાં મૂકી શકે અને જેવી રીતે હાલ જેમ માત્ર ત્રણ દિવસ અધિવેશનના વખત દરમ્યાન બહુ ઉત્સાહ બતાવવામાં આવે છે અને ત્યાર પછી કાર્યવાહીપણાનું કેંદ્ર જનરલ સેક્રેટરી અથવા હેડ ઓફીસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે તે સ્થિતિ બદલાઇને ચો તરફ કામ થવા માંડશે અને તેથી જે કાર્ય આગણે પચીશ વરસે બજાવવા શક્તિમાન થઇએ તે બે પાંચ વરસમાં ઉપજાવી શકાશે એમ માનવાનો સંભવ રહે છે.

બંધારણનો સવાલ વિચારતાં એક બીજી સૂચના કરવાની સ્ફુરણા થઇ આવે છે તે વિચારવા યોગ્ય છે. કોન્ફરન્સના જનરલ સેક્રેટરીની હસ્તક ફંડો રાખવાથી જો કે ફંડની વ્યવસ્થા બહુ સારી થાય છે પણ તેમાંથી એક મોટી ગેરસમજુતી પેદા થાય છે અને તે એ છે કે જેથી કોન્ફરન્સની આખી સંસ્થા વિનાકારણ ઘણા માણસોની ખફગીમાં આવી પડે છે. આ હકીકત જરા વિશેષ સ્ફુટ કરીએ. ધારોકે નિરાશ્રિત અથવા જિર્ણ મંદિરોદ્ધારના ખાતા જનરલ સેક્રેટરી હસ્તક ચાલતા હોય અને તેમાં મદદ માટે સો માણસો માગણી કરે. ફંડ પરિમિત હોવાથી અને મદદ કરવાની જરૂરીઆતને અંગે બીજા અનેક કારણો ધ્યાનમાં રાખવાના હોવાથી જનરલ સેક્રેટરીઓ ધારો કે માત્ર પાંચ માણસને ઉક્ત ખાતાના ફંડમાંથી સહાય આપી શકે, ત્યારે એનું અનિવાર્ય પરિણામ એ થાય કે બાકીના પંચાણું માણસો નારાજ થાય છે અને તેટલેથી વાત અટકતી નથી પરંતુ તેઓ બોલકુલ હેતુ—કાર્યભાવ સમજ્યા વગર ખુદ કોન્ફરન્સની પણ વિરૂદ્ધ થઇ જાય છે. આવા અનેક દાખલાઓ જોવામાં આવ્યા છે અને સામાન્ય મનુષ્યસ્વભાવ જે કાર્યકારણભાવ સમજવા સરખી મગજશક્તિવાળો હોતો નથી તે એમ કરવા લલચાઇ જાય એ સહજ બનવા જોગ છે. આ પ્રમાણે સ્થિતિ હોવાથી કોઇપણ ખાતાની સીધી વ્યવસ્થાનું કામ જનરલ સેક્રેટરીઓને ટ્રસ્ટી તરીકે સોંપવાને બદલે તેનાં ટ્રસ્ટીઓ જુદા રાખવા. કમીટીના આકારમાં તે કામ અન્યને સોંપી દેવું અને તેના વ્યયની બાબતમાં દેખરેખ રાખવાની સત્તા જનરલ સેક્રેટરીઓને આપવી જેથી અત્યારની કફોડી સ્થિતિનો છેડો આવે અને દરેક ખાતાના દ્રવ્યનો વ્યય કરવાને અંગે ખાસ માણસો નીમાયલા હોય તો થોડા વખત પછી તેઓ એ કાર્યમાટે એટલા યોગ્ય થાય કે તેઓ કોઇ પણ પ્રકારની સ્ખલના કરે એમ બનવું પ્રાયઃ અશક્ય થઇ જાય. દરેક ખાતા માટે નીમાયલા આવા ટ્રસ્ટીઓ અને જનરલ સેક્રેટરી વચ્ચે એવી સત્તાની વહેંચણી કરી આપવી કે પૈસાનો બરાબર ઉપયોગ થાય, સેક્રેટરીની સ્પષ્ટ દેખરેખ રહે અને ખુદ સંસ્થા કોઇપણ પ્રકારની ખફગીમાં આવવાનો પ્રસંગ ન રહે.

આ સવાલની વિચારણા સાથે જ ધનપ્રાપ્તિ કરવાનો સવાલ ઊભો થાય છે. સુકૃત ભંડારના નામથી ઓળખાતી ચાર આનાની યોજના ગરીબ અને મધ્યમ સ્થિતિના માણસોને પણ કોન્ફરન્સના કાર્યમાં ભાગ લેવરાવનારી હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બહુ આવકારદાયક થઈ પડી હતી પણ તેને અમુક કારણોથી પુરતી ફતેહ મળી શકી નથી. આ સંબંધી આગેવાનોને મળી પૂરતા ખુલાસા કરી તે યોજના આગળ વધારવા પ્રયત્ન કરવો જોઈએ. એ ઉપરાંત કોન્ફરન્સે તુરત એક મોટા પંચાયત ફંડ માટે દીર્ઘ પ્રયાસ કરવો જોઇએ. પારસી જેવી નાની કોમ પંચાયત ફંડમાં લાખો રૂપિયા ધરાવે છે. એક શ્રીયુત મદનમોહન માલવીઆએ હિંદુ યુનીવર્સીટિ માટે લાખો એકઠા કર્યા, પરંતુ આપણી નાની કોમમાં ધનવાન કે વિદ્વાન વર્ગમાંથી એક પણ આત્મભોગ આપનાર હજુ નીકળ્યો નથી. એક એવા મોટા ફંડમાંથી અનેક કાર્યો ચાલ્યા કરે છે; પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં આપણે કેળવણી માટે એક મોટું ફંડ ઊભું કરી તે જનરલ સેક્રેટરીને હસ્તક એવી રીતે મૂકવું જોઇએ કે તેના પરિણામે આખી કોમમાં પ્રાથમિક કેળવણી ફરજ્યાત જેવી થઈ જાય, સ્રી કેળવણીનો વધારો થાય અને મોટી સંખ્યામાં ઉંચી કેળવણી લઈ બહાર પડનારા નીકળી આવે અને તે દરેક પ્રકારની કેળવણી સાથે ધાર્મિક કેળવણીને એવી સારી રીતે જોડી દેવામાં આવે કે એવી રીતે બહાર પડેલા બંધુઓ જૈનતરીકે મશહુર થાય.

આવા ફંડને અંગે એક સૂચના કરવાનું ધ્યાનમાં આવે છે કે દરેક ગામમાં કેળવણીને અંગે નાની રકમનું વાર્ષિક ફંડ થાય. તેજ ગામના લોકોના લાભ માટે તે ખરચાય અને તે ફંડનો થોડો ભાગ દર વરસે મોટા પંચાયત ફંડ તરફ જાય અને તે જનરલ સેક્રેટરીઓની દેખરેખ નીચે રહે તો કેળવણીનું કામ બહુ પ્રગતિ પામે. વાર્ષિક ઉપજ સુકૃતભંડાર કે બીજા હરકોઇ આકારમાં નાના મોટા શહેર કે ગામમાં થાય તેથી ત્યાંના પ્રાથમિક અભ્યાસીઓને જરૂર પૂરતી મદદ મળે અને વિશેષ અભ્યાસીઓ માટે પંચાયત ફંડ કામ ઉપાડી લે તો કામની વહેંચણી વ્યવસ્થાસર થાય અને જરૂર પડતી જગોએ યોગ્ય મદદ વખતસર પહોંચી શકે. આ બાબતમાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી ફંડની વ્યવસ્થા માટે યોગ્ય બંધારણ રચવાની જરૂર છે.

કોન્ફરન્સના બંધારણમાં એક એવી પણ સૂચના કરવાનું મન થાય છે કે જોકે કોમને અંગે ઘણા વિષયો હાથમાં લેવા યોગ્ય છે પણ તે સર્વને એક સરખો ન્યાય આપી શકાતો નથી તેથી એક કેળવણીનો વિષય જ હાલ તુરત કોન્ફરન્સે મુખ્યત્વે કરીને ઉપાડી લેવો. કેળવણીનો વિષય કોમની ઉન્નતિની કુંચી છે. એ એક વિષય બરાબર ઉપાડી લેવામાં આવે અને તેના સંબંધમાં સર્વ દિશાએ કામ કરવામાં આવે તો ટુંક ભવિષ્યમાં જૈન પ્રજા એવી થઇ શકે કે જે પોતાની જવાબદારી સમજી, જૈન સાહિત્ય પ્રચાર, જિર્ણ સાહિત્યનો ઉદ્ધાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિર તથા તીર્થોનું સંરક્ષણ, જીવ દયા, સહાય કરવા યોગ્ય બંધુઓને યોગ્ય ... વિવેકપુરઃસર સાહાય્ય, વિગેરે ઘણા પ્રશ્નોને ન્યાય આપી શકે. આ ... બંધારણને અંગે મોટો સવાલ છે, પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં એ બાબતમાં પૂરતો વિચાર કરી નિર્ણય કરવાની જરૂર છે.

અંતે સર્વ બંધુઓના મન પર એક વાત ઠસાવવાની ખાસ જરૂર છે કે કોન્ફરન્સ જેવા એકત્ર સમૂહથી બહુ પ્રકારના લાભો છે. હાલ રાજ્ય તરફથી જે શાંતિ મળી છે, તેનો લાભ લઇ આપણા સાહિત્યને બહુ વિશાળ દૃષ્ટિથી ફેલાવવા યોગ્ય છે અને તેને માટે આપણે સમૂહબળ એકત્ર કરી, આપણી અંતર પરિસ્થિતિ સુધારી, કટિબદ્ધ થઇ, અંદર અંદર ઝગડા ચાલતા હોય તેને બંધ કરી, સર્વ પ્રયાસે દૂર કરી, આપણા સર્વદેશીય સાહિત્યને કરોડો માણસોમાં ફેલાવવા પ્રયત્ન કરવો જોઇએ. જો આપણે આવા સારા વખતમાં અર્થવગરના અને પરિણામવગરના અંદર અંદરના ઝગડાઓ કરી સમય ગુમાવી નાંખશું તો ભવિષ્યની પ્રજાના આપણે મોટા જવાબદાર રહીશું. અનેક ઉપયોગી પ્રશ્નો-નો વિચાર કરવા, કેળવણીના વિષયનો સર્વ દિશાએ પ્રચાર કરવા અને વીત-રાગ પરમાત્માના સિદ્ધાંત જગજાહેર કરી પ્રેમ અને દયાના તત્ત્વો જગતમાં ફેલાવવા સારૂ સર્વ જૈન બંધુઓના એકત્ર સંમેલન ગમે તે પ્રકારે ગમે તે આકારમાં કરવાની ખાસ આવશ્યકતા છે અને ચાલુ પરિસ્થિતિ જોતાં તે પ્રકા... આવશ્યક છે તેથી અંગિત બાબતોને બાજુ પર મૂકી કોમના હિતને માટે કોન્ફરન્સના કાર્યને સર્વ પ્રકારે મદદ કરવી એ દરેક બંધુનું પ્રથમ કર્તવ્ય છે એમ દેશ કાળ અને ભાવ જોતાં લાગે છે.

મૌક્તિક.

## શ્રી (જૈન ધર્મ પ્રકાશ)ના અધિપતિ સાહેબ.

નીચેનો રીપોર્ટ આપના પ્રસિદ્ધિ પામેલા માસિકમાં અવશ્ય દાખલ કરવા તસ્દી લેશો.

તા. ૩-૯-૧૨

બાલાભાઈ દલસુખભાઇ.

## શેઠ આણંદજી કલ્યાણજીના હિસાબ તપાસનાર ઑડીટરોનો સં. ૧૯૬૭ની સાલનો રીપોર્ટ.

તા. ૨૮-૭-૧૨ના રોજ અમદાવાદ ખાતે મળેલી શેઠ. આણંદજી કલ્યાણજીના સ્થા-... પ્રતિનિધિઓના મીટીંગની અંદર સં. ૧૯૬૭ના વર્ષનો હિસાબ તપાસવાને માટે અમારી ... કરેલી હતી. પરંતુ અમે કેટલાક વ્યવસાયના કારણથી તુરતમાં આવી શક્યા નહોતા. ... તા. ૮-૮-૧૨ના રોજ સદરહુ કામ માટે અમદાવાદ આવવું થયું. ત્યાંના સં. ૧૯૬૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની સાલના તમામ ચોપડા તપાસ્યા. સં. ૧૯૬૬ની ખાતાવહીમાં નીકળેલી લેણદેણ, ૧૯૬૭ની સાલમાં ખાતાવહીમાં ખેંચેલી મેળવી, રોજમેળ ખાતાવહીની મેળવણી કરી; ખાતાવહી સાથે સરવૈયાની મેળવણી કરી; પાલીતાણે જઈ પાછા ફરતાં તમામ લોન અને બૉ ચોપડા સાથે મેળવી જોયાં; સોનું રૂપું, દાગીના અને સીલીક તમામ તપાસ્યાં એટલા ઉ રથી અમે ખાત્રી સાથે જાહેર કરીએ છીએ કે વહીવટી તમામ કામ પુરતું સંતોષકારક કોઇપણ પ્રકારની ખામી જણાઇ નથી. લેણદેણની અંદર એક રૂપીઓ પણ કોઇ મીલ ખ ધીરવામાં આવ્યો નથી. કોઇપણ મીલના શેર એ ખાતે લેવામાં આવ્યા નથી. જૈન કે ઇતર કોઇને ખાતે અંગ ઉધાર અગર બીજી રીતે કાંઇપણ રકમ ધીરવામાં આવી નથી. મ કતનો ઘણોએક ભાગ ગવર્નમેન્ટ સીક્યુરીટીવાળી લોનમાં, બૉન્ડમાં, અને મુંબાઇ બેંકમાં વામાં આવેલ છે. જે લોન લેવામાં આવેલ છે તે સલામતીની ખાતર ચાર પ્રતિષ્ઠિત ગૃહસ્થોના નામ પર છે. ભંડાર ખાતાની, તલાટી ખાતાની, શ્રાવક શ્રાવિકા ખાતાની, ... ખાતાના વધારાની જુદી જુદી લોન લેવામાં આવી છે. તેનું નામું અને વ્યવસ્થા પણ જુદાં ઘણી ચોખ્ખાઇથી રાખવામાં આવેલાં છે. આ હિસાબ વિગેરે તપાસતાં અમને પૂર્ણ સંતોષ ઉત્પન્ન થયો છે. આ ખાતાનાં મેનેજર, મુનીમ અને તમામ નોકરો પોત તાનું કામ પુરેપુરી કાળજીથી અને ખંતથી બજાવતા હોય એમ અમને જણાયું છે.

અમદાવાદનું હિસાબી કામ પૂરૂં કરી અમે પાલીતાણાનો હિસાબ તપાસવા તા. ૧૯ ૮-૧૨ના રોજ ગયા. ત્યાં તમામ ચોપડા તપાસ્યા. અહીં પણ સં. ૧૯૬૬ની ખાતાવહીમ લેણદેણ પડતી રકમો સં. ૧૯૬૭ની ખાતાવહીમાં તમામ ખેંચેલી જોવામાં આવી. વૌચ રોની સાથે ખર્ચની રકમો મેળવી. પહોંચોની સાથે જમા રકમો મેળવી. આખા વર્ષ મેળના સરવાળા તપાસ્યા. ખાતાવહીના સરવાળા તપાસ્યા. સરવૈયું ખાતાવહી સાથે મેળવ્યુ તમામ પ્રકારની વસ્તુઓની સીલીક ચોપડા સાથે મેળવી. કેટલીક સીલીક આજ સુધીન મેળવી ડુંગર ઉપરના તથા નીચેના તમામ દાગીના નોંધ સાથે મેળવ્યા. અને નોંધ ખાત સાથે મેળવી. હિસાબ તપાસવાના તમામ પ્રકારોનો ઉપયોગ કરતાં બધો હિસાબ અમને પૂરતો સંતોષદાયક લાગ્યો છે. નામું રાખવાની ઢબ, વ્યવસ્થા, તપાસણી વિગેરે નવા જમ નાની રીત પ્રમાણેનું છે. ડુંગર ઉપર મોકલવામાં આવતી તમામ વસ્તુઓ, ઉપર રીતસ જમા થાય છે અને તેની પહોંચ દરરોજ નીચે આવે છે તે પણ મેળવી જોઇ. બીજી જે બાબતો અમારા લક્ષ પર લાવવામાં આવી, તેમજ અમને તપાસવા લાયક જણાઈ તમામ તપાસી. એ સઘળા ઉપરથી અમને પૂર્ણ સંતોષ થયો છે. ત્યાંના મુનીમ અને તેમન સ્ટાફના નોકરો પોતાની ફરજ ઉત્સાહપૂર્વક બજાવે છે. એમ અમારા લક્ષમાં આવ્યું છે.

આ વહીવટની અમદાવાદની અને પાલીતાણા ખાતાની તમામ વ્યવસ્થા અમને સ તોષકારક લાગી છે. કેટલીક સામાન્ય વ્યવસ્થાને અંગે સુચનાઓ કરવી યોગ્ય લાગી તે અમે કરી છે. પરંતુ આવી મોટી રકમની આવક જાવકવાળા ખાતાના હીસાબની આવી સુંદ વ્યવસ્થા રાખવામાં આવી છે તેને માટે તેના વહીવટ કરનાર પ્રતિનિધિઓને પુરેપુરૂં માન ઘટે છે

આ ખાતામાં નોકરોની પણ મોટી સંખ્યા છે. છતાં તેના પગારપત્રક, તેની ફરજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના બાસે લેવામાં આવતું કામ ઇત્યાદિ તમામ વ્યવસ્થાવાળું છે. અને નવા જમાનાની ઢબ મુજબ તેનાં પત્રકો રાખવામાં આવે છે. પગારપત્રક મંજુર થયા બાદ દરેક નોકરની સહી લઈને પગાર આપવામાં આવે છે. ખર્ચ પાડવા માટે ખરીદી વગેરેનાં વાઉચર અને પગાર કર્યાનાં પત્રક નિયમસર રાખવા દેવામાં આવે છે. પગાર થયાની રસીદ જોખમદાર ઉપરી અમલદારોની થાય છે.

વહીવટના તમામ ચોપડા સહી સીક્કાવાળા રાખવામાં આવે છે. મેળની અંદર દરરોજ પાલીતાણાખાતે મુનીમ, કોલીદાર, લખનાર અને તપાસનારની, તથા અમદાવાદખાતે વહીવટકર્તા પ્રતિનિધિઓ, મેનેજર, મુનીમ, તથા લખનારની સહીઓ થાય છે. પરચુરણ સામાનની ખરીદી પાલીતાણા જેવા ગામડા ખાતે પણ બે ગુમાસ્તા કર્યા સિવાય નોકર પાસે કરાવવામાં આવતી નથી. ઘી વિગેરેની કીમત માટે હરરાજી ચલાવી સસ્તા ભાવે સારો માલ લેવાની દરેક તજવીજ થાય છે. કીમતી ચીજો જેવી કે—બરાસ, કસ્તુરી, કેસર, ઘી વિગેરેની રીતસર ખરીદી, ઉપજ, વપરાશ, વેચાણ અને સીલીકનાં માસિક પત્રકો મુખ્ય પેઢી તરફ મોકલવામાં આવે છે. પાલીતાણા ખાતેથી દરરોજના મેળની નકલ અમદાવાદ મુખ્ય પેઢી તરફ મોકલવામાં આવે છે. કાગળો સંબંધી આવક જાવકનાં રજીસ્ટરો, અને બાબતવાર ફાઇલો નિયમસર રાખવામાં આવે છે. હાલના નવા જમાના પ્રમાણે કેટલીક વખત એક રૂપીઆ જેવી જુજ રકમ માટે પણ મોટું કોરસપૉન્ડન્સ ચાલે છે, પણ તેનું છેવટ આવે ત્યારે જ તે રકમ જમા ખર્ચ કરવામાં આવે છે.

પાલીતાણા ખાતે કામને માટે એક હિસાબ તપાસનાર ગઇ સાલથી રાખવામાં આવેલ છે, તે નામા સંબંધી તમામ વ્યવસ્થા ઉપર દરરોજ ધ્યાન આપે છે. આ નવી વ્યવસ્થાથી કામમાં સવળતા વધી છે. આ હિસાબ તપાસનારને ચોમાસાના દીવસોમાં જ્યારે યાત્રાળુઓ આવવાનું લગભગ બંધ હોય ત્યારે જો બીજા તીર્થોના હિસાબ તપાસવા મોકલવામાં આવે તો દરેક તીર્થને માટે એ ગોઠવણ સગવડ ભરેલી થઇ શકે એમ અમારૂં માનવું છે.

પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપીને આવા ધર્માદા ખાતાનો વહીવટ કરનાર ભાગ્યશાળી પુરૂષોને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. એજ વિનંતિ. તા. ૨૯ માહે અગષ્ટ સને ૧૯૧૨. સંવત ૧૯૬૮ ના શ્રાવણ વદી ૨ ને વાર ગુરૂ. મુ. અમદાવાદ.

પોપટભાઇ અમરચંદ ખંભાતના દા. પોતે.
બાલાભાઈ દલસુખભાઈ કપડવંજવાળાની સહી દા. પોતે.
ઓડીટરો.

ઓડીટરો તરીકેની નિમનોકમાં મારી સાથે પુરૂષોત્તમદાસ પોપટભાઇનું નામ નિમાએલું હતું પરંતુ શારીરિક તંદુરસ્તી વીગેરે કારણોથી તેઓ ન આવી શકવાને લીધે તેમના બદલે તેમના પિતાશ્રી પોપટભાઇ અમરચંદ આવેલા છે તેથી હું આ પ્રસંગે તેમનો આભાર માનું છું. તા. મજકુર. મુ. અમદાવાદ.

બાલાભાઈ દલસુખભાઈ કપડવંજવાળા.
ઓડીટર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ ખરીદો ને લાભ લ્યો.

અમારી સભા તરફથી પ્રગટ થયેલો ભાષાંતર વિગેરેના ગુજરાતી ભાષાના ગ્રંથો પૈકી નીચેના ખાસ ખરીદ કરવા લાયક છે. વાંચનારને આનંદ સાથે બોધ આપે તેવા છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર (પર્વ ૧થી ૧૦. ભાગ ૫.) કીં. રૂ. | ૮—૦—૦ |
| ૨ | શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર. ભાગ ૫. | ૭—૮—૦ |
| ૩ | શ્રી ઉપદેશમાળા ભાષાંતર. | ૧—૮—૦ |
| ૪ | શ્રી ચરિતાવળી. ભાગ ૩ | ૩—૦—૦ |
| ૫ | શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર. | ૦—૬—૦ |
| ૬ | શ્રી પ્રબોધચિંતામણિ ભાષાંતર. | ૦—૬—૦ |
| ૭ | શ્રી પ્રતિક્રમણ હેતુ | ૦—૬—૦ |
| ૮ | શ્રી શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર. | ૨—૮—૦ |
| ૯ | શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ વિવેચન યુક્ત. | ૧—૪—૦ |
| ૧૦ | શ્રી ઉપમિતિ ભવપ્રપંચ પીઠબંધનું ભાષાંતર. | ૦—૧૨—૦ |
| ૧૧ | શ્રી ગૌતમ કુળક બાળાવબોધ. | ૨—૮—૦ |
| ૧૨ | શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો જ્યુબીલી અંક. | ૦—૧૨—૦ |
| ૧૩ | શ્રી યશોધર ચરિત્ર. | ૦—૬—૦ |
| ૧૪ | શ્રી રત્નશેખર રત્નવતી કથા. | ૦—૪—૦ |
| ૧૫ | શ્રી જ્ઞાનસાર ભાષાંતર ( બીજાનું ) સસ્તી કિંમતે | ૦—૮—૦ |

આ ઉપરાંત બીજી બુકો સંબંધી બીજે પ્રસંગે લખશું.

### છપાઇને બહાર પડેલ છે.

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૧ લો.

### સ્થંભ ૧ થી ૪. વ્યાખ્યાન ૬૧.

આ ભાગ પ્રથમ બીજા જૈન બંધુ તરફથી અર્થ વિગેરેમાં ઘણીજ ભૂલોવાળો બહાર પડેલો, તે પણ હાલ બીલકુલ મળતો નથી. અમે તેનું શુદ્ધ ભાષાંતર કરાવી બરાબર સુધારીને બહાર પાડેલ છે. તેની અંદર બતાવેલા શાસ્ત્રાધારો તમામ અર્થસાથે દાખલ કરવામાં આવ્યા છે. આ પહેલા વિભાગમાં સમકિતના ૬૭ બોલ ઉપર તેમજ બીજી પણ તેને અનુસરતી પુષ્કળ કથાઓ છે. આઠ પ્રભાવકના દ્વાર ઉપરની તેમજ બીજી પણ કેટલીક કથાઓ તો બહુજ રસિક છે. સમકિતની શુદ્ધિના ઇચ્છકે આ ભાગ અવશ્ય વાંચવાલાયક છે. સામાન્ય બુદ્ધિવાળાને આ આખો ગ્રંથ પરમ ઉપકારી છે. આ ભાગની કિંમત રૂા. ૧—૮—૦ રાખવામાં આવી છે, પાકા અને સુંદર બાઇન્ડીંગથી બુકો બંધાવવામાં આવી છે.

આ આખા ગ્રંથનું ભાષાંતર કુલ પાંચ વિભાગ કરીને અમારા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૩૬૧ વ્યાખ્યાન અને ૪૦૦ લગભગ કથાઓ છે. આખો ગ્રંથ મોક્ષાભિલાષી સરલ જીવોને ખાસ વાંચવાલાયક છે. બહુજ હિતકારક છે. પાંચે ભાગની જુદી જુદી કિંમત રૂા. ૮—૮—૦ થાય છે. પરંતુ પાંચે ભાગ એકઠા લેનાર માટે રૂા. ૭—૮—૦ રાખવામાં આવેલ છે. બહારગામવાળાએ પોસ્ટેજ જુદું સમજવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ડબાસંગના શ્રાવકોને થયેલી મદદ ને બીજી આવશ્યકતા.

મહેરબાન સાહેબ,

નીચેની બીના આપના પ્રસિદ્ધ પેપરમાં છાપવા મહેરબાની કરશો.

શ્રી ડબાસંગ ફંડ તરફથી સને ૧૯૧૨ ની સાલના ઑગસ્ટ માસમાં જામનગર અને આસપાસ ગુજરે ગામોને કુલ માણસ ૨૭૦૨ ને દાણા મણ ૨૯૫૦ મદદ તરીકે મફત આપવામાં આવ્યા છે.

આ ફંડને મોટી રકમની મદદ **શેઠ ખેતશીભાઈ ખીઅશી જે. પી.** એ આપેલી છે. તેમની મદદથીજ આ ડબાસંગ ફંડ અત્યારસુધી નભી રહ્યું છે અને જામનગરની આસપાસની બાજુના ૬૪ ગામના શ્રાવકોને નભાવવામાં આવેલ છે. મજકુર શેઠ સાહેબ તરફથી મદદ મળતાં તેઓ પોતે જીવતા રહ્યા છે અને પોતાના ખેતીના સાધનો જે જાનવરો તેને પણ આ ભયંકર દુષ્કાળમાં બચાવી શક્યા છે; આવા કારણથી મજકુર શેઠ સાહેબે મહાન પુણ્ય ઉપાર્જન કર્યું છે.

આ તરફ વરસાદ આવવાથી દાણા સારા થયા છે અને ૬૪ ગામના શ્રાવકો પોતાને ધંધે લાગી ગયા છે.

આ ૬૪ ગામના શ્રાવકોને દ્રવ્યજીવન આપી શેઠ સાહેબે બચાવ્યા છે તે પ્રમાણે ભાવજીવન આપી વારંવાર પુણ્ય ઉપાર્જન કરે એવી અમારી તેમના પ્રત્યે પ્રાર્થના છે. કારણકે આ ૬૪ ગામના શ્રાવકો ખેતીનો ધંધો કરે છે તેથી કરીને બીલકુલ અજ્ઞાન દશા ભોગવે છે, ધર્મને બીલકુલ જાણતા નથી. તેમને ધર્મ પમાડવા આ ફંડ તરફથી યોજના ચાલતી હતી દરમ્યાન દુષ્કાળ પડવાથી સીલક હતી તે તેમાં વપરાઈ જતાં તે સંબંધી કાંઈ સાધન આ ફંડની કમીટીના હાથમાં રહેલ નથી. જો કે હાલ એક વર્ષને માટે તો શાળા ચલાવવા મજકુર શેઠ સાહેબે પરવાનગી આપી છે, પરંતુ લાંબી મુદતસુધી એટલે એ ૬૪ ગામના ૧૩૦૦૦ શ્રાવકો ધર્મ પામે અને પોતાના આત્માને સદ્ગતિના ભાજન કરે તેટલી મુદત સુધી પાઠશાળા તથા ઉપદેશક રાખવા પોતાની ઉદારતા બતાવે એવી અમારી તે શેઠ સાહેબ પ્રત્યે નમ્ર અરજ છે.

સં. ૧૯૬૮ ના શ્રાવણ વદ ૫ રવીવાર તા. ૧-૯-૧૨.

**વકીલ સાંકળચંદ વિ. નારણજી શાહ** બી. એ. એલએલ. બી.

ઓ. સે. ડબાસંગ ફંડ—**જામનગર.**

## ભેટની બુકો સંબંધી અગત્યની સૂચના.

જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની બાકી રહેલ ધનપાળ પંચાશિકાની બુકનાં અષ્ટાપદ, સમેત શિખર ને ગિરનાર તીર્થના ફોટો અર્થ સહિત નાખી તેમજ વિસ્તીર્ણ પ્રસ્તાવના લખીને વધારો કરવામાં આવ્યો છે. તેની બુક છપાઈને તૈયાર થઈ ગઈ છે છતાં આ વર્ષની ભેટ તરીકે આપવાની એક બીજી બુક નવી પ્રશ્નોત્તર રૂપે જૈનતત્વોનું જ્ઞાન આપનારી છપાવવા માંડી છે તે [illegible] એક મહીનો થવા સંભવ છે. તેથી એ બંને બુકો દરેક ગ્રાહકોને સાથેજ ભેટ તરીકે મોકલવામાં આવશે. છતાં તાકીદ હોય તો પ્રથમની બુક જૈન ધર્મ પ્રકાશના ચાલુ વર્ષના લવાજમના વેલ્યુથી મંગાવી લેવી. નહીંતો એક માસ પછી તો બંને બુકો વેલ્યુથી દરેક ગ્રાહકને પહોંચાડવામાં આવશે. બંને બુકો ખાસ ઉપયોગી છે. બીજાઓની ભેટો જેવી બહુ મોટી આ બુકો નથી પરંતુ તેનું વાંચન કરેલી વસ્તુથી લાભ વિશેષ થાય તેમ છે એ ચોક્કસ છે. વધારે લખવાનું તો ગ્રાહકો પોતેજ સાક્ષી આપશે તેમ હોવાથી લખવાની જરૂર નથી.

For Private And Personal Use Only